આજનો સુવિચાર

જો તમારે ઉપર આવવું હોય તો પડી જવાનો ભય દૂર કરવો પડશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩ જૂનાગઢ તા.૨૯-૧૨-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 13, Junagadh : Date : 29 December, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## મહારાષ્ટ્રમાં ઝડપથી ફેલાઈ રહેલો કોરોના : નવા ૧૧૭ કેસ નોંધાયા

મુંબઈ તા. ૨૯

મહારાષ્ટ્રમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે.રાજયમાં કોરોનાના ૧૧૭ નવા કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૩૦૦ને વટાવી ગઈ છે. ૨૪ કલાકમાં કોરોના સંક્રમિત એક દર્દીનું મોત નીપજ્યું છે,જયારે ૧૨ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

## ગતરાત્રે અદાણી - શરદ પવાર વચ્ચે બેઠક યોજાતા અનેક તર્ક - વિતર્ક

મુંબઈ,તા.૨૯

અદાણી ઉદ્યોગ સમૂહના ગૌતમ અદાણી ગતરાત્રે એનસીપી અધ્યક્ષ શરદ પવારના નિવાસે મુલાકાત લેતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. શરદ પવાર સાથે અદાણીની મુલાકાત લગભગ ૩૦ મીનીટ ચાલી હતી.

આ મુલાકાત દરમિયાન શરદ પવારની સાંસદ પુત્રી સુપ્રિયા શુલે પણ હાજર હતી. જો કે, આ મુલાકાતને લઈને કોઈ અધિકૃત જાણકારી બહાર નથી પરંતુ રાજનીતિક વર્તુળોમાં આ મુલાકાતને લઈને નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, કેટલાક દિવસ પહેલા ધારાવી પુનઃવિકાસ મુદ્દે શિવસેના (ઉદ્ધવ ઠાકરે) પાર્ટીએ માર્ચ કાઢી હતી. આ માર્ચ પર જયાં આરોપ-પ્રત્યારોપ થઈ રહ્યા હતા, ત્યારે શરદ પવારે અદાણીની પ્રશંસા કરીને સૌનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું.


## જેડીયુમાં ધમાસાણ : લલનસિંહે અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યું : નીતીશકુમાર નવા અધ્યક્ષ

પટના તા. ૨૯

જનતાદળ યુનાઈટેડ પક્ષમાં ધમાસાણ ચાલી રહયું છે. જેડીયુનાં અધ્યક્ષપદેથી લલનસિંહે રાજીનામુ આપી દીધું છે. અને બિહાર મુખ્યમંત્રી નીતીશકુમાર પક્ષનાં નવા અધ્યક્ષ બન્યા છે. એવું કહેવાય છે કે, લલનસિંહની લાલુપ્રસાદ યાદવ સાથેની નીકટતાને કારણે તેમની પાસેથી રાજીનામુ લઈ લેવાયું છે. જો કે, એવું પણ કહેવાય છે કે, લલનસિંહે ખુદ રાજીનામુ આપવાની દરખાસ્ત કરી હતી જેને સ્વીકારી લેવામાં આવી હતી. આજે સવારે જેડીયુની રાષ્ટ્રીય કારોબારી બેઠક મળી હતી જેમાં અન્ય કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

### શ્રીરામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સબબ

# સમગ્ર દેશ રામમય બની જશે : દિવાળી જેવો માહોલ : રૂા. ૫૦ હજાર કરોડનો વેપાર થશે



અયોધ્યા,તા.૨૯

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને વ્યાપાર જગતમાં પણ ભારે ઉત્સાહ છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ) એ અનુમાન લગાવ્યું છે કે આવતા મહિને ફરી એકવાર દિવાળીની જેમ ૫૦ હજાર કરોડથી વધુનો વેપાર થશે. કેટના રાષ્ટ્રીય અધ્યક્ષ બી.સી.ભરતીયા અને રાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, વિશ્વ હિન્દુ પરિષદના આહવાન પર દેશભરમાં રામમંદિરના ઉદઘાટનને લઈને ૧ જાન્યુઆરીથી અભિયાન શરૂ થવા જઈ રહ્યું છે.

બધા રાજયોમાં વેપારની મોટી તકો દેખાઈ રહી છે. બજારોમાં મોટી માત્રામાં શ્રીરામ ધ્વજા, શ્રીરામ અંગવસ્ત્ર, ચિત્ર અંકિત માળાઓ, લોકેટ, ચાવીના ઝુડા, રામ દરબારના ચિત્રો, રામમંદિરના મોડેલ, સજાવેલ લટકણિયા અને કડા વેચાશે. સૌથી વધુ માંગ શ્રીરામ મંદિરના મોડેલની જોવા મળી રહી છે તે હાર્ડબોર્ડ, પ્લાઈવુડ અને લાકડામાંથી બની રહ્યા છે. આથી સ્થાનિક કલાકારો, પેન્ટર્સ, હસ્ત કલાકારીગરીની કામ કરતી મહિલાઓને પણ રોજગાર મળી રહ્યા છે. આ દિવસો વેપારની સાથે સાથે રોજગારની મોટી તકો લઈને આવી રહ્યા છે. માર્કેટમાં મોટી સંખ્યામાં કુર્તા, ટીશર્ટ પણ વેચાવા લાગ્યા છે. પ્રાણ પ્રતિષ્ઠાને દિવસે દિવાળી ઉજવવામાં આવશે, તેને જોતા દીવાના કોડિયા, રંગોળી, ફુલોની સજાવટ, લાઈટની સીરીઝનો ધંધો કરનારાઓએ પણ તૈયારી કરી લીધી છે.

પ્રવિણે જણાવ્યું હતું કે પ્રચાર સામગ્રી માટે રસ્તા પર હોર્ડીંગ, પોસ્ટર, બેનર, પત્રિકા, સ્ટીકર અને અન્ય સાહિત્યની ડિમાન્ડથી વ્યાપાર વધશે. દેશભરમાં સંગીત વ્યવસાયથી જોડાયેલા લોકો પણ કાર્યક્રમોને લઈને સંપૂર્ણ તૈયારીમાં લાગી ગયા છે.

# પેટ્રોલ - ડીઝલ સસ્તુ કરવા વિચારણા : રૂા. ૧૦નો ઘટાડો કરાશે

નવી દિલ્હી તા.૨૯

કેલેન્ડર વર્ષ ૨૦૨૩ પુર્ણ થવાને આડે માંડ બે દિવસ બાકી રહ્યા છે ત્યારે કેન્દ્રની મોદી સરકાર નવા વર્ષની ગીફટ તરીકે પેટ્રોલ-ડિઝલમાં મોટો ભાવઘટાડો કરી શકે છે. ઉપરાંત મોંઘવારીના દોરમાં નાની બચત યોજનાઓના વ્યાજદરમાં વધારો કરી શકે છે.

વિશ્વસ્તરે ક્રુડતેલ સતત સસ્તુ થઈ રહ્યું છે. ભારતમાં લાંબા વખતથી પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડવાની માંગ થતી હોવા છતાં કોઈ નિર્ણય થતો ન હતો. હવે આગામી વર્ષે લોકસભાની ચુંટણી યોજાવાની છે અને તે પુર્વે મોંઘવારી ઘટાડવા માટે સરકાર એકશનમાં આવી ગઈ છે. ખાસ કરીને ખાદ્ય મોંઘવારી ઘટાડવા માટે છેલ્લા કેટલાક દિવસો દરમ્યાન કેટલાંક કદમ ઉઠાવવામાં આવ્યા જ છે. હવે પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડીને રાહત આપવાની વિચારણા ચાલી રહી છે.

સૂત્રોના કહેવા પ્રમાણે નવા વર્ષની ગીફટ તરીકે પેટ્રોલ તથા ડિઝલમાં લીટરદીઠ રૂા.૧૦ સુધીનો ઘટાડો કરવાની કેન્દ્ર સરકારની વિચારણા છે.

વૈશ્વિક ક્રુડના ઉંચા ભાવ વખતે તેલ કંપનીઓને લીટરદીઠ રૂા.૧૭ સુધીની ખોટ સહન કરવાનો વખત આવ્યો હતો. હવે કેટલાંક વખતથી વૈશ્વિક ક્રુડનો ભાવ ૭૦થી૮૦ ડોલરની રેન્જમાં જ ચાલી રહ્યો હોવાથી પેટ્રોલિયમ કંપનીઓ પેટ્રોલમાં રૂા.૮થી૧૦ તથા ડિઝલમાં રૂા.૩થી૪નો નફો કમાઈ રહી છે.

# કેનેડામાં લક્ષ્મીનારાયણ મંદિરનાં પ્રમુખનાં પુત્રનાં ઘર પર ખાલીસ્તાનીઓ દ્વારા ૧૪ રાઉન્ડ ગોળીબાર : કોઈ જાનહાની નહી

સરે તા. ૨૯

કેનેડામાં હિન્દુ મંદિરો પર ખાલીસ્તાની દ્વારા થઈ રહેલા હુમલામાં હવે હિન્દુ મંદિરોના પુજારીઓ તથા સંચાલકો પણ નિશાન બનવા લાગ્યા છે અને હવે સરેમાં લક્ષ્મીનારાયણ મંદિરના પ્રમુખ સતીષકુમારના પુત્રના આવાસ પર ખાલીસ્તાની તત્વોએ તા.૨૭ના રોજ ગોળીબારના ૧૪ રાઉન્ડ ફાયર કરીને આતંક મચાવવા કોશીશ કરી હતી. સરેની રોયલ કેનેડીયન માઉન્ટેડ પોલીસે તાત્કાલીક આ અંગે એકશન લઈને તપાસ શરૂ કરી હોવાનો દાવો કર્યો છે.

તા.૨૭ના અહી ભારતીય વ્યાપારી તથા લક્ષ્મીનારાયણ મંદિરના વડા સતીષકુમારના પુત્રના આવાસમાં સવારે ૮ વાગ્યે ધસી આવ્યા. હુમલાઓરોએ ગોળીના ૧૪ રાઉન્ડ છોડયા હતા. જો કે સદનસીબે કોઈને ઈજા થઈ નથી.

અહી લક્ષ્મીનારાયણ મંદિર કે તેના સંચાલકના ઘર આ પ્રકારે હુમલો થયાની ત્રીજી ઘટના બની છે. હાલમાં જ અહી મંદિરમાં ખાલીસ્તાની કટ્ટરવાદીઓ સામે દેખાવો યોજાયા હતા તેથી આ હુમલો થયો હોવાનું માનવામાં આવે છે.

છેલ્લા ૧ વર્ષથી અહી મંદિર તથા હિન્દુધર્મમાં નિશાન બની રહ્યા છે. જો કે અહીની ટ્રુડો સરકારે હજુ સુધી કોઈ પગલા લીધા નથી કે જેથી હિન્દુ સમુદાયમાં વિશ્વાસની ભાવના સર્જાય ઉલ્ટાનું કેનેડાની સરકાર ખાલીસ્તાની નેતા ગુજજરની હત્યા માટે ભારતને જવાબદાર ગણાવીને ભારત સરકારને ધમકીઓ આપે છે.

# ફરી આવશે મોદી : ૨૦૨૪ની ચૂંટણી માટે ભાજપે 'થીમ સોંગ' રજુ કર્યુ



નવી દિલ્હી તા. ૨૯

૨૦૨૩ના અંતે હવે ભાજપે આગામી વર્ષે યોજાનારી લોકસભા ચુંટણીમાં ૪૦૦ બેઠકના લક્ષ્યાંકને પાર પાડવા માટે શરૂ કરેલી તૈયારી વચ્ચે હવે તેનું થીમ સોંગ્સ 'ફીર આયેગા મોદી' લોન્ચ કર્યુ છે. ભાજપ સતત ત્રીજી વખત વિજેતા બનીને અગાઉના તમામ રેકોર્ડ તોડવા માંગે છે.

અગાઉ ફકત દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના સતત ત્રણ ટર્મ સુધી વિજેતા થયા હતા અને હાલ દેશભરમાં ભાજપ તરફી વાતાવરણ છે તેને મતદાનમાં પલટાવવામાં ભાજપે તેના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર ફિર આયેગા મોદી જ થીમ સોંગ્સમાં ૨૦૧૪થી આજદીન સુધીની સરકારની સિદ્ધિઓ દર્શાવાની સાથે વિપક્ષો પર નિશાન તાકવાનું પણ ચુકાયું નથી.

વિપક્ષ માટે ભાજપ જે રીતે ઘમંડીયા શબ્દોનો ઉપયોગ કરે છે તેને પણ આ થીમ સોંગ્સમાં ઉમેરીને પંકિત છે કે ઘમંડીયા વિપક્ષ છતા પણ ભાજપે તેના ચુંટણી વચનો પુરા કર્યા છે તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ દેશના ૧૪૦ કરોડ લોકોની આશા, અપેક્ષા, વિશ્વાસનું પ્રતિક બની ગયા હોવાનું પણ આ સોંગ્સમાં લખાયુ છે.

# મુંબઈ એટીએસનું વડોદરામાં સર્ચ ઓપરેશન ત્રણ શકમંદોની અટક : મુંબઈ લઈ જવાયા

મુંબઈ/વડોદરા તા.૨૯

રીઝર્વ બેંકનાં મુંબઈ કાર્યાલય સહિત ૧૧ ઠેકાણે બોમ્બ મુકવાના ધમકીભર્યા ઈ-મેઈલ બાદ મુંબઈ છ્જીની ટીમ દ્વારા વડોદરામાં તપાસ શરૂ કરવામાં આવી છે. મુંબઈ ATSની ટીમે મેમણ જમાતખાનાની ઓફિસ અને એક ઓપ્ટિકલ હાઉસમાં તપાસ કરવામાં આવી હતી. ઓપ્ટિકલ હાઉસના ઈન્ટરનેટ રાઉટરનો ઉપયોગ કરીને તાંદલજાના અર્શિલે ઈ-મેઈલ કર્યો હોવાની આશંકાને પગલે મુંબઈ છ્જીએ સર્ચ કર્યુ હતું. જેમાં ઈન્ટરનેટ રાઉટર અને CCTV ફૂટેજ કબજે કર્યાં હતા. આરોપીએ ઓપ્ટિકલ હાઉસના માલિકને ગેરમાર્ગે દોરીને ઈન્ટરનેટ રાઉટરનો દુરુપયોગ કર્યો હતો.

આ પહેલા મુંબઈ પોલીસે મંગળવારે વડોદરા પોલીસને સાથે રાખીને વડોદરા જિલ્લાના પાદરાના રણુ ગામમાં પહોંચી હતી. જ્યાં ગુપ્ત ઓપરેશન હાથ ધરીને આરોપી આદિલની અટકાયત કરી હતી. જેની પૂછપરછ દરમિયાન વડોદરા શહેરમાં રહેતા વધુ બે શખસોના નામ સામે આવ્યા હતા. જેથી મુંબઈ પોલીસ વડોદરા પહોંચી હતી અને આજવા રોડ પર રહેતા મહંમદ વસીમ અને તાંદલજામાં રહેતા મહંમદ અર્શિલની પણ અટકાયત કરી હતી. પોલીસ ત્રણેયને વહેલી સવારે મુંબઈ લઇ ગઈ હતી અને કોર્ટમાં રજૂ કરીને ૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ધમકીભર્યો ઈ-મેઈલ રણુ ગામના આદિલના ફોનમાંથી થયો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

# ગુજરાતનું ભૂગર્ભ જળ સ્વાસ્થય માટે અત્યંત જોખમી બની ગયું : ગ્રીન ટ્રીબ્યુનલે નોટીસ ફટકારી

ગાંધીનગર તા. ૨૯

ગુજરાતમાં ભૂગર્ભજળમાં ફલોરાઇડ,આર્સેનિક, સીસુ, આર્યન, નાઇટ્રેટ સહિતના જોખમી તત્વોની માત્રા જોવા મળી છે જેના પગલે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે રાજ્ય સરકારને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. બીજી તરફ, ગુજરાતમાં આડેધડ રીતે બોરવેલથી ભૂગર્ભજળ ખેંચાઈ રહ્યુ છે ત્યારે કોઇ જોનાર નથી. આ ઉપરાંત ફલોરાઇડ,આર્સેનિક સહિત અન્ય માનવ સ્વાસ્થયને ગંભીર નુકશાન કરે એવા તત્વો મૌજુદ હોવાથી ભૂગર્ભજળ જોખમી બન્યુ છે તેમ છતાંય ગ્રામ્ય વિસ્તારોમાં ભૂગર્ભજળ પીવાના પાણી તરીકે ઉપયોગ થઇ રહ્યો છે. ભાજપ સરકાર ભલે દાવો કરે છેકે, ઘર ઘર સુધી પીવાનું પાણી પહોચ્યુ છે. પણ હકીકત એછેકે, છેવાડાના ગામના લોકો ભૂગર્ભજળનો ઉપયોગ કરવા મજબૂર છે.

ગુજરાતમાં ભૂગર્ભજળ માનવ સ્વાસ્થ્યને જોખમી તત્વોથી પ્રદુષિત થયા છે. એટલુ જ નહીં, ચિંતાની વાત તો એછેકે, જમીનમાં પાણીનાં તળ ઉંડેને ઉંડે જઇ રહ્યા છે. ખુદ કેન્દ્ર સરકારે લોકસભામાં આ વાતનો એકરાર કર્યો છેકે, ગુજરાતમાં કચ્છ, સાબરકાંઠા અને પંચમહાલમાં ભૂગર્ભજળ નીચે જઇ રહ્યુ છે. દર વર્ષે ભૂગર્ભજળ એક મીટર નીચે ઉતરી રહ્યા છે. આ વિસ્તારોમાં પાણી મેળવવા માટે ખૂબ જ ઉંડાણ સુધી બોર કરવો પડે તેવી સ્થિતી નિર્માણ થઇ છે. એટલુ જ નહીં, ભૂગર્ભજળ પ્રદુષિત બન્યા છે. રિપોર્ટમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છેકે, ગુજરાતમાં ૨૭ જીલ્લામાં ફલોરાઇડ, ૩૨ જીલ્લામાં નાઇટ્રેટ, ૧૨ જીલ્લામાં આર્સેનિક, એક જીલ્લામાં સીસુ અને પાંચ જીલ્લામાં યુરેનિયમની વધુ માત્રા જોવા મળી છે.

# ડોનાલ્ડ ટ્રમ્પને વધુ એક ફટકો : મેઈન રાજ્ય દ્વારા ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાયો

વોશિંગ્ટન તા. ૨૯ : કોલોરાડો બાદ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મેઈન રાજયમાં પણ મોટો ફટકો લાગ્યો છે. મેઈનના ટોચના ચૂંટણી અધિકારીએ ગુરુવારે આગામી વર્ષની પ્રમુખપદની ચૂંટણી માટે રાજયના પ્રાથમિક મતદાનમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને ગેરલાયક ઠેરવ્યા હતા. કોલોરાડો પછી, મેઈન એવું બીજું રાજય છે જેણે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ યુએસ સંસદ કેપિટોલ હીલ પરના હુમલામાં ટ્રમ્પની કથિત ભૂમિકા બદલ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

મેઈન સેક્રેટરી ઓફ સ્ટેટ શેનાઈ બેલોસે તારણ કાઢ્યું, '૨૦૨૪ માં રિપબલિકન નોમિનેશન માટે આગળના દોડવીર ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં છેતરપિંડી વિશે ખોટા દાવા ફેલાવીને બળવો ઉશ્કેર્યો અને પછી તેના સમર્થકોને ધારાસભ્યોને મત પ્રમાણિત કરવા દબાણ કરવા કહ્યું. રોકવા માટે યુએસ કેપિટોલ પર કૂચ કરવા વિનંતી કરી હતી'. ટ્રમ્પ વિરૂદ્ધ યુએસ બંધારણની વિદ્રોહ કલમ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

# ભારતમાં ૧૬ કરોડ લોકો દારૂનાં વ્યસની

નવી દિલ્હી,૨૯:

ઈકોનોમિક રિસર્ચ એજન્સી અને એક લો કન્સલટિંગ ફર્મના એક રિપોર્ટ અનુસાર ભારતમાં અંદાજે ૧૬ કરોડ લોકો દારૂ પીવે છે. આ દારૂ પીનારામાં ૯૫ ટકા પુરુષો છે. વ્યસન કરનારા સૌથી પુરુષોની સરેરાશ ઉંમર ૧૯ થી ૪૯ વર્ષની વચ્ચે છે.

નવાઈની વાત તો એ છે કે મહિલાઓ પણ દારૂનું સેવન કરે છે જેમનું પ્રમાણ પાંચ ટકા જેટલું છે જેની સંખ્યા અંદાજે ૮૦ લાખ જેટલી થાય છે. વિદાય લઈ રહેલા વર્ષ ૨૦૨૩ની વેલકમ ઉજવણીમાં સૌથી વધારે દારૂ રાજસ્થાનમાં પીવાય છે.

૩૦ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૨માં ૩૫.૬ કરોડ રૂપિયાની દારૂનું વેચાણ થયું હતું. જેમાંથી માત્ર જયપુરમાં જ વેચાણ ૧૧ કરોડ આસપાસનું હતું. દિલ્હીમાં ૩૧ ડિસેમ્બરે ૯ કરોડનું વેચાણ હતું.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

સ્વાદની સોડમ એટલે...

તૃપ્તી



તૃપ્તી બ્રાન્ડ શુદ્ધ કપાસીયા તેલ તથા કૃષ્ણા બ્રાન્ડ શુદ્ધ સીંગતેલનાં ઉત્પાદક

શ્રી કૃષ્ણ ઓઈલ મીલ

શ્રી કૃષ્ણ એક્સપોર્ટ ઈન્ડસ્ટ્રીઝ

મજેવડી દરવાજા બહાર, જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા

મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જયોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

શુદ્ધતા નો સ્વાદ એટલે...

GIR KESARI
Premium Quality

દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ

Premium Quality
KHODIYAR
MINI OIL MIL


જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે

હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢ તાલુકાના ડુંગરપુરમાં ચુંવાળીયા કોળી સમાજનું સ્નેહમિલન યોજાશે



જૂનાગઢ તા.૨૯

ગઈકાલે ડુંગરપુર ચુવાળીયા કોળી સમાજના આગેવાનોની બેઠક રવજીભાઈ ધોડકીયાના પ્રમુખ સ્થાને મળી હતી.

જેમાં અતિથી વિશેષ તરીકે ચુવાળીયા કોળી સમાજ ગુજરાત ઉપાધ્યક્ષ કાળુભાઈ કડીવાર, મહામંત્રી બટુકભાઈ મકવાણા હાજર રહયા હતા અને સમાજમાં આર્થિક, સામાજીક, રાજકીય સમાનતા આવે, સંગઠન શકિત ઉભી કરવા માટે જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે પાંચ હજાર ભાઈઓ-બહેનોનું તા.૨૧-૧-૨૦૨૪ને રવિવારે બપોરના ૩ કલાકે સ્નેહમીલન મળશે. જેમાં જોડાવવા અપીલ કરવામાં આવી છે.

# કેશોદ એપીએમસી ચેરમેન વાઈસ ચેરમેનની ચુંટણીમાં બીનહરિફ વરણી



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૯

કેશોદ એપીએમસીની ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીયાં યોજાતા બંને દાવેદાર ડિરેકટરો બિનહરિફ ચુટાઇ આવ્યા હતા જેમાં ચેરમેન તરીકે ખેડુત પેનલના હમીરભાઈ કાળાભાઈ ડાંગર અને વાઈસ ચેરમેન તરીકે રાજેશભાઈ નાનજીભાઈ કિકાણી બિનહરિફ ચુટાતા તેમની વરણી કરવામાં આવી હતી ચુટણી અધિકારી તરીકે જિલ્લા રજીસ્ટર જે.એસ.શાહે પ્રથમ ટર્મ માટે તમામ ચુટણી પ્રક્રિયા પૂર્ણ કરી હતી અને તારીખ ૧૩ ઓકટોમ્બરની ચુટણીમા ચુટાયેલા ખેડુત વિભાગના ૧૦. વેપારી વિભાગના ૪. સંઘના ૨. બોર્ડ ઑફ ડિરેક્ટરોમા સહમતી બનતા ચેરમેન અને વાઈસ ચેરમેન સમરસ થતા તેમને નિમણુક અપાઈ હતી આ તકે જિલ્લા ભાજપ આગેવાન દિનેશભાઈ ખટારીયા. કેશોદ માજી ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી. હમીરભાઈ ધુળા. તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધી ભનુભાઈ ઓડેદરા. કેશોદ પાલીકા પ્રમુખ મેંહુલભાઈ ગોંડલીયા.એપીએમસી ખેડુત અને વેપારી પેનલનાં બોર્ડ ઓફ ડિરેક્ટરો . તાલુકા ભરના ખેડૂતો અને વેપારી આગેવાનો સહિતનાઓએ હાજર રહી ચેરમેન અને વાઈસ ચેરમેનનુ હારતોરા કરી સન્માન કર્યા બાદ માર્કેટયાર્ડનો વિકાસ કરવા શુભેચ્છા પાઠવી હતી

# રૂદલપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત કરાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપનાનું ભારત, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સપનાને સાકાર કરવાનાં હેતુથી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવા માટે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" માંગરોળ તાલુકાના રૂદલપુર ગામે આવી પહોંચતા ગામના સરપંચ, સભ્યો સહિત ગામ લોકો દ્વારા



ઢોલના તાલે સામેયા કરી કળશધારી બાળા દ્વારા કંકુ તિલક કરવામાં આવેલ હતું. તાલુકાના તમામ સરકારી તંત્રના અધિકારીઓ દ્વારા કેન્દ્ર અને ગુજરાત સરકારની યોજના અંતર્ગત માહિતી આપી સાથે જુદી જુદી યોજના કીટ તેમજ પ્રોત્સાહિત પ્રમાણ પત્રોનું આગેવાનોના હસ્તે વિતરણ કરવામાં આવેલ હતું. આ યાત્રા દિપાવવા કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ, તાલુકા પંચાયત પ્રમુખ ભાવેશ ડાભી, તા.ભાજપ મહામંત્રી દાનાભાઈ ખાંભલા, ન્યાય સમિતિ ચેરમેન જયંતિભાઈ ચૂડાસમા, તા.પં.સભ્ય ગોવાભાઈ ચાંડેરા વગેરે ભાજપ કાર્યકર્તાઓ પણ હાજર રહેલ હતા.

# અયોધ્યા કળશ યાત્રાનું સાળંગપુરધામ ખાતે કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીએ કર્યું સ્વાગત

(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે ગુરૂવારે તા.૨૮-૧૨-૨૦૨૩ના રોજ સંધ્યા સમયે અયોધ્યામાં ભગવાન શ્રી રામના નવનિર્માણ પામી રહેલ ભવ્ય મહામંદિર તરફથી સમગ્ર દેશમાં "ઘર ઘર અયોધ્યા અભિયાન" આરંભાયું છે.આ અભિયાન અંતર્ગત શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા થી આવેલા 'અયોધ્યા કળશ યાત્રા'નું સાળંગપુરધામ ખાતે આગમન થયું હતું. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં "જય જય શ્રી રામ"ના નાદ સાથે ભગવાન શ્રીરામ- રામલલ્લાની 'અયોધ્યા કળશ યાત્રા'યાત્રામાં ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનોના જયઘોષ વચ્ચે પ.પૂ. કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા મંદિરના ગર્ભગૃહમાં પધરાવવામાં આવ્યો હતો.સંધ્યા સમયે ૭:૦૦ કલાકે સંધ્યા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં કરી રામદૂત ભક્તોનું ફૂલહાર પહેરાવી ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું.બાવીસમી જાન્યુઆરીએ અયોધ્યા ખાતે શ્રી રામ મંદિરનો ભવ્યાતિભવ્ય મહામહોત્સવ યોજાવાનો છે,આ પરમ ઐતિહાસિક ઘટનાને આપણે સહુ -આપણા સ્થાને રહીને પણ- સાક્ષી બનીએ અને વૈદિક સનાતન ધર્મી હિંદુ તરીકે, ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાને આ અતિ પવિત્રદિનને અંતઃ કરણની પ્રસન્નતા સાથે મહાઉત્સવ તરીકે ઉજવીએ.એ પરમ પવિત્ર ઘડીનો પ.પૂ. કોઠારીશ્રી વિવેકસાગર દાસજી સ્વામીએઆનંદ વ્યક્ત કર્યો હતો.



શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ધામમાં પ.પૂ. કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી તેમજ વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશ પ્રસાદજીના રૂડા આશીર્વાદથી શ્રી કષ્ટભંજન દેવના અયોધ્યા ખાતે બાવીસમી જાન્યુઆરી ૨૦૨૪એ શ્રી રામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'' પ્રસંગે દાદાને દિવ્ય શણગાર એવં ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવશે તેમજ સમગ્ર મહોત્સવના લાઈવ દર્શન વિશાળ LED ના માધ્યમથી કરાવવામાં આવશે.

# જૂનાગઢ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફામાં હઝરત સીદીકે અકબરની યાદમાં શાનદાર જલ્સાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા તથા ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ અમીરૂલ મોઅમેનીન ખલીફતુલ મુસ્લેમીન હઝરત સૈયદના સીદીકે અકબર રદીઅલ્લાહો તઆલા અન્હોની યાદમાં તા.૩૧-૧૨-૨૦૨૩ રવિવારના રોજ સાંજે મગરીબની નમાઝ બાદથી ઈશાની નમાઝ સુધી દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા, બુકર ફલીયા, જૂનાગઢ ખાતે શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખત્મ શરીફ, નાત શરીફ બાદ પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી(સરપરસ્ત દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા, જૂનાગઢ) તથા ઉસ્તાઝુલ ઓલમાં હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ નૂરી(મુફતીએ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા, જૂનાગઢ) તેમના અનોખા અંદાઝમાં શાનદાર તકરીર ફરમાવશે. રાત્રે ૯ વાગ્યે ઈશાની જમાઅત થશે. સલાતો સલામ બાદ ન્યાઝ ઉપર ફાતેહા ખ્વાની કરવામાં આવશે. આ જલ્સામાં મૌલાના સૈયદ સાજીદ બાપુ સાહબ, હાફીઝ મોહંમદ સાબીર રઝા સાહબ, હાફીઝ કારી મોહંમદ રાશીદ સાહબ, મૌલાના કારી નિયાઝ એહમદ સાહબ, હાફીઝ કારી મોહંમદ રૈહાન સાહબ, હાફીઝ કારી રૂહુલ અમીન સાહેબ, મૌલાના ઈસ્માઈલ સાહબ તેમજ મસ્જીદોના ઈમામ સાહેબ તથા ઉલ્માએ કિરામ ખાસ હાજરી આપશે. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બિરાદરો બહોળી સંખ્યામાં હાજરી આપી હઝરત સૈયદના સીદીકે અકબરની ગુલામીનું સબુત પેશ કરે તેમ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા તથા ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહની યાદીમાં જણાવેલ છે.

# ભાજપે મિશન લોકસભાને લઈને તૈયારીઓ શરૂ કરી

નવી દિલ્હી, તા.૨૯

ત્રણ રાજ્યોમાં મળેલી જીતથી ઉત્સાહિત ભાજપે મિશન લોકસભાને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપ ૨૦૧૯ કરતા પણ મોટી જીત હાંસલ કરવાની રણનીતિ ઉપર કામ કરી રહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધિકારીઓની બે દિવસીય બેઠકમાં નેતાઓને નવો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણીમાં જંગી જીત હાંસલ કરવા માટે આ વખતે વોટ ટકાવારી ૧૦ ટકા વધારવાની દિશામાં કામ કરવાનું કહેવામાં આવ્યું છે. આ વખતે ભાજપ ૩૫ કરોડ વોટ મેળવવાની રણનીતિ ઉપર કામ કરી રહ્યું છે. ૨૦૧૯માં તેમને ૨૨.૯ કરોડ વોટ મળ્યા હતા. ૨૦૧૯ની ચૂંટણીમાં શાસક પક્ષને ૩૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા જ્યારે તેની આગેવાની હેઠળના NDA ગઠબંધનને લગભગ ૪૫ ટકા વોટ મળ્યા હતા.

# વન્ય જીવો અને પ્રકૃતિપ્રેમી હોવ તો બની જાવ ફોરેસ્ટ ઓફિસર. જાણો કેવી રીતે બને આ રોમાંચથી ભરેલી કારકિર્દી

મિત્રો આજે આપણે ફોરેસ્ટ ઓફિસર તરીકેની સદાબહાર કારકિર્દી વિશે વાત કરવાની છે. જો તમે પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, સજાગતા અને જાગૃતિ રાખતા હોવ. વન્ય જીવો પ્રત્યે કરુણા, આદર અને દરકાર રાખતા હોવ તેવો સ્વભાવ હોય તો આ કારકિર્દી તમારા માટે એકદમ ફીટ છે. ફોરેસ્ટ ઓફિસર બનવા માટે શું-શું કરવું જોઈએ તે તો આપને હું આગળ જણાવીશ જ પરંતુ આ એક ઉત્તમ કારકિર્દી છે કે જેમાં પ્રકૃતિની સાથે રહીને સેવા થાય છે. એટલું જ નહીં વિશ્વની સૌથી મોટી કુદરતી ધરોહર એવી પ્રકૃતિની જાળવણી કરવાનું કામ તમારા હાથમાં હોય છે, વન્ય જીવોના શિકાર ના થાય, તેઓનો અકાળે વિનાશ ના થાય તેમજ તેઓની જીવન કુદરતી રીતે ઉત્તમ બની રહે તે તમામ પ્રકારની કામગીરી ફોરેસ્ટ ઓફિસર દ્વારા કરવાની હોય છે. જેમ એક સિવિલ સર્વન્ટ શહેરોમાં રહીને નાગરિકોની સેવા કરતા હોય છે તેવી જ રીતે એક ફોરેસ્ટ ઓફિસર જંગલના જીવો કે જેને નાગરિકો જ કહી શકો તેના રક્ષણ તેમજ લાલન-પાલનનું કામ કરવાનું હોય છે. આ કારકિર્દી સાહસ, રોમાંચ અને કુદરતનો ભરપૂર પ્રેમ આપતી હોય છે અને તેમાં ઝંપલાવવા જેવું ખરૂ તો ચાલો આજેર આપણે ફોરેસ્ટ ઓફિસર તરીકેની કારકિર્દીની વાત કરીશું.

**● ફોરેસ્ટ ઓફિસર એટલે શું ?**

મિત્રો આ એક સામાન્ય સવાલ છે અને તેનો જવાબ આપ સૌ પાસે હશે જ. પરંતુ સામાન્ય સમજથી પણ ખૂબ જ આગળ તેનો મતલબ અને કામગીરી હોય છે. ફોરેસ્ટ ઓફિસર એક એવા સરકારી અધિકારી છે કે જેમનીકામગીરી જંગલ, જંગલની પેદાશો, વૃક્ષો, જંગલની જમીન, વન્ય જીવોનું રક્ષણ કરવાનું કામ હોય છે. આ કામગીરી ખૂબ જ મહત્ત્વની બની રહે છે કારણ કે, આજકાલ પર્યાવરણનું જનત કરવું તે એક યુદ્ધ લડવા જેવું કામ થઈ ગયું છે અને જ્યારે આધુનિક જમાનામાં વૃક્ષો કપાઈ રહ્યા છે અને જંગલો પાંખા થઈ રહ્યા છે ત્યારે પર્યાવરણમાં તેની અસર થતી હોય છે. આવા અધિકારીઓના શિરે જ પ્રકૃતિ કે પર્યાવરણની જાળવણીની જવાબદારી આવે છે. ફોરેસ્ટ ગાર્ડ સહિતના સ્ટાફની ઉપર નજર રાખીને કામગીરી લેવી, જંગલ બાબતની સરકારી નીતિઓનો ગ્રાઉન્ડ લેવલે અમલ કરાવવો અને ઉપરીઅધિકારીઓને રિપોર્ટ કરવા સહિતની કામગીરી હોય છે. આ એક સરકારી ગેઝેટેડ અધિકારી હોય છે. ફોરેસ્ટ ઓફિસરની કામગીરીમાં અનેક હોદ્દાઓ હોય છે. જેમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરથી લઈને ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ સહિતના હોદ્દાઓ હોય છે. વર્ગ-૧ અધિકારી ઈન્ડિયન ફોરેન સર્વિસની પરીક્ષાના માધ્યમથી બની શકાય છે જ્યારે રાજ્ય સેવાઓ મારફતે પણ વર્ગ-૨ના અધિકારી બની શકાય છે. તેની આપણે જાણકારી મેળવીશું. બીજું કે આ એક ખૂબ જ સંવેદનશીલ કામગીરી હોય છે. જેમ પોલીસ વિભાગ દ્વારાખુંખાર ગુનેગારો સામે બાથ ભીડીને તેમને નેસ્ત નાબૂદ કરવાની કામગીરી કરતા હોય છે. તેવી જ રીતે જંગલખાતાના અધિકારીઓને ખુંખાર શિકારીઓ, વૃક્ષો અને જંગલની પેદાશોનું ગેરકાયદેસર છેદન અને સ્મગલીંગ કરતા માફિયાઓ, જંગલની ખનીજનું ઉત્ખનન કરતા ગુનેગારો સામે કડકમાં કડક હાથે કામગીરી કરીને તેનું જતન કરવાનું હોય છે. વન વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ, ટોપોગ્રાફી, માટી અને વાવેતર વિસ્તારનું નિયમિત સર્વેક્ષણ કરવું નીચલા કેડરના કર્મચારીઓને કાર્યો સોંપવા અને તેમના કાર્યનું નિરીક્ષણ કરવું શિકારીઓ, અતિક્રમણ કરનારાઓ, તોડફોડ કરનારાઓને રોકવા માટે સાવચેત રહેવું ઈજાગ્રસ્ત પ્રાણીઓ અને પક્ષીઓને સ્થાનાંતરિત કરવું અથવા તબીબી સહાય પૂરી પાડવી જંગલની આગ સામે રક્ષણ અને લડવું વન આવરણને વિસ્તારવા માટે જંગલોમાં વૃક્ષારોપણની શરૂઆત કરવી વન સંસાધનોના કાનૂની, વ્યાપારી શોષણની દેખરેખ જંગલની આવક એકઠી કરવી અને અમલમાં મુકાયેલા વન કાર્યો માટે ચૂકવણી કરવી ગેરકાયદેસર રીતે કાપેલા લાકડા અથવા શિકાર કરેલા પ્રાણીઓ અથવા પ્રાણીઓના ભાગોને જપ્ત કરવું જંગલના રસ્તાઓ, રસ્તાઓ, પુલો, નહેરો, ડેમ, કેબિન અને વાડના બાંધકામની દેખરેખ ટેલિફોન અને ઈલેક્ટ્રિસિટી લાઈન માટેના સેટઅપની તપાસ કરવી કૃષિ, ખાણકામ, લાકડાંનો વહેર અને અન્ય છોડ માટેના દાવાઓ ઉપર વિચારણા હોટલ, પ્રવાસી વિશ્રામ સ્થાનો, ફૂડ આઉટલેટ્સ અથવા સ્ટોર્સ જેવા વિશેષ વિશેષાધિકારના કેસોમાં હાજરી આપવી યોગ્ય સ્થળોએ માહિતીપ્રદ સાઈનબોર્ડ અને ચેતવણી પ્લેકાર્ડ લગાવવા વન વિભાગ અને વન મંત્રાલય માટે કાગળ અને અહેવાલો પૂર્ણ કરવા

**● સાહસ અને રોમાંચભરી કારકિર્દી**

ઉપર મુજબ કામગીરી વાંચીને તમને અંદાજ તો આવી ગયો હશે કે વન અધિકારીઓની ફરજો શું -શું હોય છે. આ એક સાહસ અને રોમાંચભરી કારકિર્દી એટલા માટે હોય છે કે તમારે મુખ્યત્વે જંગલોની અને પર્યાવરણની વચ્ચે રહીને કામગીરી કરવાની હોય છે. એવું જ નથી કે માત્ર જંગલમાં જ રહેવાનું હોય પરંતુ જેવો હોદ્દો છે તેવું કામ છે. બની શકે કે તમારી કચેરી રેવેન્યુ એરિયામાં હોય કે શહેરી વિસ્તારમાં હોઈ શકે છે. પરંતુ સર્વે, નિરીક્ષણ અને પ્રાણીઓના રેસ્ક્યુની કામગીરી માટે જંગલો ખુંદવા પડે છે. જંગલના પ્રાણીઓ, જીવ સૃષ્ટિ, પક્ષીઓ, પેદાશો, ઉપજ, લાકડું, જમીન, ખનીજ વગેરે રાષ્ટ્રીય સંપત્તિ હોય છે અને માનવ સમુદાય માટે અતિમહત્વની હોય છે. આથી તેનું રક્ષણ કરવાની મુખ્ય




ફરજ હોવાથી વર્દી પહેરીને કામગીરી કરવાની હોય છે. ફોરેસ્ટ અધિકારીઓને વિશાળ સત્તાઓ હોય છે. અમુક તો ખૂબ જ ક્રૂર શિકારીઓ હોય છે તેમની સામે બાથ ભીડવાની હોય છે. જંગલની પેદાશોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ ઊંચી કિંમત આવતી હોય છે અને વળી આવે પેદાશો લુપ્ત થાય તેવી હોય છે. આથી આવે પેદાશો કોઈ ચારી ના જાય તે માટે ચોવીસ કલાક ચાંપતી નજર રાખવાની હોય છે. જો કોઈ આવું કરતું હોય તો તેને પડકાર આપીને તેમની પ્રવૃત્તિઓને કાબૂમાં લેવાની હોય છે. કેટલા લુપ્ત થઈ રહેલા વન્ય જીવો હોય છે અને તેમના માટે અભયારણ્ય ઘોષિત કરવામાં આવ્યું હોય ત્યારે આવા વિસ્તારમાં રહીને તેમનું રક્ષણ કરવાની હોય છે. તેઓની બીમારી કે બીજી કોઈ તકલીફો ના આવે તે માટે સમયાંતરે જંગલની વિઝીટ કરવાની હોય છે. જ્યારે તેઓની સંખ્યાની ગણતરી કરવાની હોય ત્યારે ખૂબ જ તકેદારી રાખીને કામગીરી કરવાની હોય છે. વળી સ્થાનિક લોકો સદીઓથી જંગલમાં રહેતા હોય છે ત્યારે તેમની સાતે સંતુલિત અને સુમેળભર્યા સંબંધ રાખીને વન્ય સૃષ્ટિના જતનની કામગીરી પાર પાડવાની હોય છે. આમ પ્રકૃતિની વચ્ચે રહીને પડકરાજનક કામગીરી કરવાની હોય છે. ઉચ્ચ ફોરેસ્ટ અધિકારીઓનો વિસ્તારમાં કલેક્ટર અને પોલીસ કમિશ્નર જેવો દબદબો હોય છે અને સારી કામગીરી કરનારને સમાજ તરફથી પણ ખૂબ જ પ્રેમ અને આદર મળી રહે છે.

**● કેવી રીતે બનાય ફોરેસ્ટ ઓફિસર ?**

જેમ આપણે આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ હોય છે તેવી જ રીતે ભારતીય વન સેવાના આધિકારી બની શકાય છે. તે બનવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપવાની હોય છે. તેમાં પ્રિલિમ, મેઈન્સ અને ઈન્ટરવ્યુના તબક્કા બાદ સફળ ઉમેદવારો ભારતીય વન સેવાના અધિકારી બની શકે છે. અલબત્ત તમારે આ અધિકારી બનવા માટે સાયન્સ ગ્રેજ્યુએટ કે તેને લગતા વિષયોમાં સ્નાતક થયા હોવાનું જરૂરી છે. તેના માટે દર વર્ષે યુપીએસસી જાહેરાત જારી કરવામાં આવતી હોય છે અને તેમાં તમારી શૈક્ષણિક અને વય મર્યાદાને આધિન અરજી કરીને પરીક્ષા આપીને ફોરેસ્ટ ઓફિસર બની શકો છો. આ તો વાત થઈ યુપીએસસીની પરંતુ જો તમારે રાજ્ય વન સેવાના અધિકારી બનવું હોય તો તમે ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા આપીને બની શકો છો. તેમાં પણ લાયકાત સાયન્સ કે વન વિભાગને લગતા વિષયોમાં સ્નાતક હોવું જરૂરી છે. અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની જેમ તમારે આમા પણ ખાસ્સી મહેનત કરવાની હોય છે અને ત્યારબાદ ઉત્તીર્ણ થવાય છે. આ ઉપરાંત વર્ગ-૩ અને વર્ગ-૪ની પણ પરીક્ષાઓ આવતી હોય છે તેમાં એપીયર થઈને વન વિભાગની કારકિર્દી બનાવી શકાય છે. જો મિત્રો તમને આ કારકિર્દી તમારા માટે યોગ્ય લાગતી હોય તો આજે જ તૈયારી કરો અને બનો જંગલના રક્ષક અને સેવક.

આ એક સાહસ અને રોમાંચભરી કારકિર્દી એટલા માટે હોય છે કે તમારે મુખ્યત્વે જંગલોની અને પર્યાવરણની વચ્ચે રહીને કામગીરી કરવાની હોય છે. એવું જ નથી કે માત્ર જંગલમાં જ રહેવાનું હોય પરંતુ જેવો હોદ્દો છે તેવું કામ છે. બની શકે કે તમારી કચેરી રેવેન્યુ એરિયામાં હોય કે શહેરી વિસ્તારમાં હોઈ શકે છે. પરંતુ સર્વે, નિરીક્ષણ અને પ્રાણીઓના રેસ્ક્યુની કામગીરી માટે જંગલો ખુંદવા પડે છે. જંગલના પ્રાણીઓ, જીવ સૃષ્ટિ, પક્ષીઓ, પેદાશો, ઉપજ, લાકડું, જમીન, ખનીજ વગેરે રાષ્ટ્રીય સંપત્તિ હોય છે અને માનવ સમુદાય માટે અતિમહત્ત્વની હોય છે. આથી તેનું રક્ષણ કરવાની મુખ્ય ફરજ હોવાથી વર્દી પહેરીને કામગીરી કરવાની હોય છે. ફોરેસ્ટ અધિકારીઓને વિશાળ સત્તાઓ હોય છે. અમુક તો ખૂબ જ ક્રૂર શિકારીઓ હોય છે તેમની સામે બાથ ભીડવાની હોય છે. જંગલની પેદાશોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ ઊંચી કિંમત આવતી હોય છે અને વળી આવી પેદાશો લુપ્ત થાય તેવી હોય છે. આથી આવી પેદાશો કોઈ ચારી ના જાય તે માટે ચોવીસ કલાક ચાંપતી નજર રાખવાની હોય છે

# જૂનાગઢ જીલ્લા કક્ષાનાં સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૧૩ જેટલા પ્રશ્નકર્તાઓનાં પ્રશ્નો રજુ થયા

## પ્રશ્નકર્તાઓએ સંતોષ વ્યક્ત કર્યો, કલેક્ટરનાં હકારાત્મક અભિગમની કરી સરાહના








જૂનાગઢ, તા.૨૯

ડિસેમ્બર માસનો ચોથો ગુરૂવાર જિલ્લાકક્ષાનો 'સ્વાગત' ઓનલાઇન જનફરિયાદ નિવારણનો દિવસ,.'સ્વાગત' ઓનલાઇન જનફરિયાદ નિવારણનો આ ઉપક્રમ ૨૪ એપ્રિલે બે દાયકાની મંઝિલ પાર કરી આજે લોકોની સરકાર પરત્વેની આશા અને શ્રધ્ધામાં વધારો કરી રહ્યો છે. વર્તમાન પ્રધાનમંત્રી અને લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજયના સામાન્ય નાગરિકોની ફરિયાદોનું ન્યાયી ધોરણે સમયબદ્ધ ત્વરિત નિવારણ લાવવાના જનહિતકારી ભાવથી દેશભરમાં પ્રથમ એવો નવતર અભિગમ 'સ્વાગત' કાર્યક્રમ ૨૪ એપ્રિલ ૨૦૦૩થી ગુજરાતમાં શરૂ કર્યો હતો. રાજયકક્ષાનો સ્વાગત દર માસના ચોથા ગુરૂવારે યોજાય છે તેમાં મુખ્યમંત્રી પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને અરજદારોની રજૂઆતો સાંભળે છે. જિલ્લા કક્ષાનો સ્વાગત જિલ્લા કલેકટરની તથા તાલુકા સ્વાગત તાલુકા મામલતદારની અધ્યક્ષતામાં યોજાય છે.૧ જાન્યુઆરી ૨૦૦૮થી તાલુકા સ્વાગત કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે તથા ૧ ફેબ્રુઆરી-૨૦૧૧થી ગ્રામ સ્વાગત શરૂ કરવામાં આવેલો છે. સ્વાગત કાર્યક્રમનું આખો અર્થ એટલે કે SWAGAT Online – State Wide Attention on Grievances through Application of Technology (સ્ટેટ વાઇડ એટેન્શન ઓન પબ્લીક ગ્રિવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેકનોલોજી) થાય છે. જૂનાગઢ કલેકટર અનિલકુમાર રાણાવાસિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, અધિક નિવાસી કલેકટર ચૌધરી તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન કુલ ૧૩ જેટલા પ્રશ્નકર્તાઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાં સાર્વજન સાર્વજનિક રસ્તા ઉપર થયેલ દબાણ દુર કરવાનીવાત હોય કે પછી બે ગામને જોડતા કોજવે/પુલના નવિનીકરણની વાત હોય કે પછી નગરપાલિકા કક્ષાએ વિધેયાત્મક રજુઆતનો પ્રશ્ન હોય આવા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રશ્નકર્તાઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેકટર તથા વરિષ્ઠ અધિકારીઓએ તેમના પ્રશ્નો સાંભળી જરૂરી નિરાકરણ માટે અધિકારીઓને સૂચિત કર્યા હતા. આવા જ પ્રશ્નકર્તાઓ પૈકી વડાલ ગામના કૌશલભાઈ મનસુખભાઈ પદમાણીએ ૧૦૦ ચોરસવાર પ્લોટમાં અનધિકૃત પેશકદમી બાબતે કરેલ પ્રશ્નના સંદર્ભમાં કલેકટરે સંબંધકર્તા અધિકારીઓને પ્રશ્નનું નિરાકરણ લાવવા અને જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી. કેશોદના પંડ્યા રાકેશકુમાર ગૌરીશંકર દ્વારા નગરપાલિકા ક્ષેત્રમાં બિલ્ડીંગના મરામતકામની બાબતમાં પોતાનો પ્રશ્ન રજૂ કર્યો હતો, અને તે બાબતે કલેકટરે પ્રશ્નકર્તા રાકેશકુમાર પંડ્યાને સાંભળી અને જરૂરી કાર્યવાહી કરવા સબંધકર્તા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. અરણીયાળી ગામે રહેતા કૈલાશભાઈ ધરૂભાઈ વાઘેલાએ અરણિયાળાથી કેશોદને જોડતા માર્ગ ઉપર કોઝવે/પુલનાં મરામત બાબતે પ્રશ્ન રજૂ કરતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રશ્નો સકારાત્મક ઉકેલ થાય તે દિશામાં કાર્યવાહી હાથ ધરવા વિચારાધિન હોય આ પ્રશ્નનું સુખદ નિરાકરણ થવા સંદર્ભે પ્રશ્ન કરતા હોય સંતોષ વ્યકત કર્યો હતો. કલેકટર અનિલકુમારનાં હકારાત્મક અભિગમ અંગે જિલ્લા ફરિયાદ સ્વાગત કાર્યક્રમના માધ્યમને આવકાર્યો હતો.

# જૂનાગઢ ખાતે અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા. ૪ ફેબ્રુઆરીના યોજાશે

જૂનાગઢ, તા.૨૯

દર વર્ષે ગુજરાત સરકાર દ્વારા ગિરનાર-જૂનાગઢ ખાતે અખિલ ભારતીય ગિરનાર ચઢાણ-ઉતરાણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના નેજા હેઠળ આ સ્પર્ધા તા. ૪ ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ યોજાશે. નિયત કરેલ એપ્લિકેશન ઓફિસના કલાકો દરમ્યાન અને વેબસાઇટ (૧) https://commi-synca. gujarat. g o v . i n / application-forms.htm. and (૨) Dydo Junagadh – Facebook ID. અરજદાર દ્વારા યોગ્ય રીતે ભરવામાં આવેલ અરજી "જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અધિકારી, જૂનાગઢ" ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગમ જિલ્લોઃ જૂનાગઢ (ગુજરાત રાજ્ય) તા.૨૦-૦૧-૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં પહોંચવુ જોઈએ. આ સ્પર્ધા ભારતીય યુવાનો માટે ૩૧-૧૨-૨૦૨૩ની તારીખે ૧૪ થી ૩૫ વર્ષની વય વચ્ચેની છે. પસંદગી સમિતિ દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારને જ ઉપરોકત સ્પર્ધામાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી.વાળાની યાદીમાં જણાવાયુ છે.

# ખેડૂતોને સનેડો કૃષિ સાધનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની યોજના અન્વયે આજ તા. ૨૯ ડિસેમ્બરથી અરજી કરી શકાશે

## આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી શકાશે

જૂનાગઢ, તા.૨૯

રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતાના ખેડૂતોને સનેડો કૃષિ સાધનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની યોજના માટે અરજીઓ મેળવવા આઈ ખેડૂત પોર્ટલ આજ તા.૨૯/૧૨/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકેથી તા.૨૮/૧/૨૦૨૪ સુધી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

વધુમાં આ વર્ષે અરજીઓ મેળવવા બાબતે જે તે તાલુકાના નાણાંકીય લક્ષ્યાંકની ૧૧૦% મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે અરજીઓ ઓનલાઈન થાય તે મુજબ નક્કી થયેલ છે. જે ધ્યાને લઈ ખેડૂતોએ "ખેડૂતોને સનેડો કૃષિ સાધનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની યોજના " માં લાભ મેળવવા માંગતા હોય તેમણે અરજી વખતે ૮-અ, આધાર કાર્ડની નકલ અને બેંક પાસબુકની નકલ રાખવાની રહેશે. અને ઓનલાઈન અરજી કરી અરજીની નકલ પોતાની પાસે રાખવાનું જિલ્લા ખેતીવાડી અધિકારી જિલ્લા પંચાયતની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ શહેરમાં પહેલી જાન્યુઆરીએ યોજાશે સુર્ય નમસ્કાર અભિયાન

## ઉપરકોટ, દામોદરકુંડ, ગિરનાર હીલ જેવા ઐતિહાસીક સ્થળો ઉપર પણ થશે સુર્યનમસ્કાર





જૂનાગઢ, તા.૨૯

આગામી તા. ૧ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ સમગ્ર રાજ્યમાં સુર્ય નમસ્કારનો રાજયવ્યાપી કાર્યક્રમ યોજાનાર છે. જે અંતર્ગત જૂનાગઢ શહેરમાં ખલીલપુર અને બહાઉદ્દિન કોલેજ પટાંગણ તથા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે સુર્યનમસ્કાર કાર્યક્રમ યોજાશે, સાથે સાથે ગિરનાર હિલ, ઉપરકોટ અને દામોદરકુંડ ખાતે પણ સુર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમને આખરી ઓપ આપવા અને સંલગ્ન વ્યવસ્થાઓ માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાનાં અધ્યક્ષસ્થાને સુર્યનમસ્કાર કાર્યક્રમ આયોજનની બેઠક યોજાઇ હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર ચૌધરી, જિલ્લા રમત ગમત અધિકારી સુશ્રી એન.ડી.વાળા, જિલ્લા યોગ કોર્ડીનેટર યોગબોર્ડ સુશ્રી ચેતનાબેન ગજેરા, મેડીકલ ઓફીસર ચાવડા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઘુંચલા, જિલ્લા સંયોજક યુવા બોર્ડ ગોંરાંગ નરે સહિત સમિતીનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# શિપિંગ ક્ષેત્રે નવી ક્ષિતિજ : અદાણી શિપિંગે પ્રથમ શાફ્ટ જનરેટરને જહાજમાં રિટ્રોફિટ કર્યુ

## વીજ ઉત્પાદન, ઊર્જા કાર્યક્ષમતામાં વધારો તેમજ ઉત્સર્જનમાં ઘટાડો થશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

પર્યાવરણીય જવાબદારી સ્વીકારતા ગ્રાઉન્ડ બ્રેકિંગ પગલાના ભાગરૂપેઅદાણી શિપિંગ પ્રાઈવેટ લિમિટેડ (ASIPL) એ સીમાચિહ્નરૂપ કાર્ય કર્યુ છે. ૧,૭૯,૫૨૩ dwt (ડેડવેઈટ ટન)વજનધરાવતા કેપેસાઇઝ જહાજ MV આશનામાંઅત્યાધુનિક એનર્જી-સેવિંગ ડિવાઇસ (ESD) ઈન્સ્ટોલકરતાતેકાફલામાં ફ્લેગશિપ જહાજ બન્યું છે. શાફ્ટ જનરેટરને કેપેસાઇઝ સૌપ્રથમ જહાજમાં રિટ્રોફિટ કરતાતેની ઊર્જા કાર્યક્ષમતામાં



વધારો,વીજ ઉત્પાદન, તેમજ ઉત્સર્જનમાં ઘટાડો થશે. એનર્જી એફિશિયન્સી એક્ઝિસ્ટિંગ શિપ ઈન્ડેકસ (EEXI) ના નિકટવર્તી અમલીકરણ સાથે ASIPL એ વ્યૂહાત્મક આગેવાનીનીસાથે સમગ્ર ઊર્જા કાર્યક્ષમતામાં પણ વધારો કર્યો છે. રેટ્રોફિટ્સનો ઉદ્દેશ નિયમોનાઅનુપાલન સાથે EEXI અને CII (કાર્બન ઈન્ટેન્સિટી ઈન્ડિકેટર) વધારવાનો છે.જહાજના કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવા અને ટકાઉપણાંની લક્ષ્યપૂર્તિ માટેતે કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પરિવર્તનકારી અપગ્રેડનું હાર્દMV આશના પરની શાફ્ટ જનરેટર સિસ્ટમ્સમાં રહેલું છે. પાવર ટેક-ઓફ (PTO) સિસ્ટમ તરીકે કામ કરતા જનરેટરને મુખ્ય એન્જિન દ્વારા ચલાવવામાં આવે છે. જે વહાણને પાવર સપ્લાય કરે છે.જેના પરિણામે બળતણની નોંધપાત્ર બચત અને ઉત્સર્જનમાં ઘટાડો થાય છે. મુખ્ય એન્જિન ઓછી ઝડપે, ટુ-સ્ટ્રોક પાવરહાઉસ, તેના મધ્યમ-સ્પીડ, ચાર-સ્ટ્રોક સમકક્ષો કરતાં ૨૫% ઓછા દરે ઈંધણ વાપરે છે.

કેપેસાઈઝ જહાજમાં રેટ્રોફિટ કરાતા અસરકારક રીતે સમગ્ર ઊર્જા કાર્યક્ષમતામાં વધારો અને કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થશે. વળી તેનાથીસ્ફ આશનાને શ્રેષ્ઠ ઈંધણ કાર્યક્ષમતા સાથે ઊર્જાની વધતી કિંમતો વચ્ચે લાંબા ગાળાના આર્થિક લાભો માટે પણ થશે.પર્યાવરણીય અસરોની વાત કરીએ તો, તેનાથી અંદાજિત ૪૬૬ mt/વર્ષ ઈંધણ તેલની બચત અને $CO_2$માં ૧,૪૬૮ mt/વર્ષ ઘટાડો થશે.

આર્થિક ફાયદાઓ ઉપરાંતશાફ્ટ જનરેટરની અસર ઓપરેશનલ જટિલતાઓને ઘટાડે છે. જ્યારે સમુદ્રમાં મુખ્ય એન્જિનનો ઉપયોગ થાય છેત્યારે શાફ્ટ જનરેટર અનિયંત્રિત મુખ્ય વીજ પુરવઠો આપી શકે છે, જે ડીઝલ જનરેટરની જરૂરિયાતને નોંધપાત્ર રીતે ઘટાડે છે અને જાળવણીના વર્કલોડને સરળ બનાવે છે. સિસ્ટમની યાંત્રિક સરળતા ઉન્નત વિશ્વસનીયતા સતત વીજ પુરવઠો સુનિશ્ચિત કરી નિષ્ફળતાના જોખમને ઘટાડે છે.દરિયાઈ પ્રોપલ્શન અને પાવર સિસ્ટમ્સના ક્ષેત્રમાં શાફ્ટ જનરેટર એક મુખ્ય ઉર્જા રૂપાંતરકારી સાધન તરીકે ઓળખાય છે. લાંબી સમુદ્રી સફર માટે આ નવીનતા જહાજની એકંદર ઉર્જા કાર્યક્ષમતા વધારવા માટે ફાજલ શક્તિનો અસરકારક રીતે ઉપયોગ કરીને બલ્ક કેરિયર્સ, ઓઈલ ટેન્કર્સ અને કાર કેરિયર્સમાં થાય છે.MV આશનાનો જનરેટરડેટા સંપૂર્ણ દરિયાઈ ભારને હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે, જેના પરિણામે એકંદર ઈંધણના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો અને તે સહાયક એન્જિનો માટે કલાકો વધુ ચાલે છે.પરિણામે એકદંર નુકશાન, તેલનો વપરાશ અને જાળવણી કામના ભારણમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

# શુ દ્વારકાનાથનું જગત મંદિર ખુદ દ્વારકાનાથના ભરોસે ?!

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

દ્વારકા, તા.૨૯



જગત મંદિર આસપાસ ડ્રોન ઉડતું દેખાયુ છે. જેમાં પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન ઉડતું દેખાયુ છે. તેમાં જગત મંદિર બહાર અજાણ્યા શખ્સે ડ્રોન ઉડાવ્યું હતું ત્યારે કોની મંજૂરીથી ઉડાવવામાં આવ્યું ડ્રોન ?!! તેવો સવાલ ઉઠવા પામ્યો છે. જગત મંદિર આસપાસ ડ્રોન કેમેરો ઉડાડવાની મનાઈ છે. ત્યારે આવારનવાર મંદિરની સુરક્ષામાં થતી ચૂક અને ગંભીર ભૂલ માટે કોઈ જવાબદારી સ્વીકારશે તેવો પ્રશ્ન પ્રજામાં ઉઠાવા પામ્યો છે.

દ્વારકાધીશ જગત મંદિર આસપાસ ડ્રોન કેમેરો ઉડાડવાની મનાઈ હોય છે. જેમાં ડ્રોન કેમેરો ઉડાડવા માટે તંત્રની મંજૂરી હોય ત્યારે જ જગત મંદિર આસપાસ ડ્રોન દ્વારા ખરેખર તેમાં રહેલા કેમેરા દ્વારા શૂટિંગ થાય છે કે પછી અન્ય કોઈ હેતુ માટે તે પણ તપાસનો વિષય બનવા પામેલ છે. જગત મંદિર બહાર ડ્રોન કેમેરો ઉડતા જગત મંદિર બહાર ફોટોગ્રાફર તેમજ મંદિર બહાર લોકોએ ડ્રોન કેમેરો ઉડતા જોયો છે. ત્યારે આ ડ્રોન જગત મંદિર બહાર અજાણ્યા શખ્સ દ્વારા ઉડાડવામાં આવ્યું હોય આ ડ્રોન કેમેરાની પરમિશન છે કે કેમ તે મોટા સવાલ ઉઠી રહ્યા છે?! જણાવી દઈએ કે ગુજરાતમાં ઘણા ક્ષેત્રોમાં સુરક્ષા હેતુથી ડ્રોન ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો છે તો દેશમાં પણ ડ્રોનથી થતા હુમલા પણ સામે આવ્યા છે. અગાઉ દ્વારકાધીશ મંદિરની સલામતી માટે દ્વારકા ખાતે જિલ્લા પોલીસ વડા અને વિભાગ્ય પોલીસ અધિક્ષક એએસપી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવા લોક દરબાર યોજવામાં આવ્યો હતો. જેમાં વેપારીઓના સુચનને આવકારી ડ્રોનકેમેરા ઉપર પ્રતિબંધ છે તેવા દિશાસુચક બેનરો લગાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પરંતુ આ ઘટના દિશા સૂચક બોર્ડના અમલ માટે કોઈ જવાબદાર તંત્ર જ ના હોય તેમ તેના બદલે જાહેરમાં કોઈ અજાણ્યાં શખ્સ દ્વારા ઉડાડવામાં આવ્યો હોવાનું પણ હવે નાકારી ના શકાય તેવી પરિસ્થિતિ નિર્માણ થયાનું પણ નાકારી શકાતું નથી. લોક દરબાર પ્રારંભે દ્વારકા પોલીસે ડ્રોન અંગેની વિવિધ તસ્વીરો તથા તેનો ઉપયોગ અને તેની સલામતી માટે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. બાદમાં આ અંગેની વિસ્તૃત સમજણ આપતા જિલ્લા પોલીસ વડાએ જણાવેલ કે ૧૯૬૫ માં દુશ્મ દેશ દ્વારા દ્વારકાધીશ મંદિરને ટાર્ગેટ બનાવેલ અને દ્વારકાધીશની કૃપાથી આંચ આવેલ નહીં પરંતુ વર્તમાન યુગમાં ઈલેકટ્રીક ઉપકરણનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે દેશના દુશ્મનો દ્વારા ખુબ વધી ગયો હોય આવા ઉપકરણોથી જગત મંદિરને ટાર્ગેટ ન કરે તે માટે સતત જાગૃતિ રાખવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકા જગત મંદિરની સુરક્ષા અર્થે ગૃહ ખાતા દ્વારા થોડા સમય પહેલા સ્પેશ્યલ એ.એસ.પી.ની નિમણુંક કરેલ છે પરંતુ તેની કચેરી મંદિરથી એક કિલોમીટર દૂર આવેલ છે. ત્યારે આ અધિકારી અને તેનો સ્ટાફ મંદિર આસપાસ ફરજ ઉપર એસ.ઓ.એસ.હાજર થઈ શકે તે માટે તેની કચેરી મંદિર સંકુલમાં હોવી જરૂરી જણાય છે તેવી માંગણી યાત્રિકોમાં ઉઠાવા પામેલ છે. આ બાબતે જેટલા વ્યાપારીઓને જાગૃત કર્યા તેટલા જો પોતાના તંત્રને જાગૃત કાર્યુ હોત તો આ ઘટના નિવારી શકવામાં આવ્યાનું દ્વારકામાં ખુલ્લેઆમ ચર્ચાઈ રહ્યું છે.

# ગીરગઢડાથી સુરત, વડોદરા જવા માટે બસ સેવા શરૂ કરવા માંગ

ઉના તા. ૨૯ : ગીરગઢડા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ના પ્રમુખ મુકેશભાઈ ગાંધી અને ઉપપ્રમુખ અનિલભાઈ વિઠ્ઠલાણીએ અમરેલી એસટી ડિવિઝનના વિભાગીય નિયામકને લેખિતમાં રજૂઆત કરી છે કે ગીરગઢડા તાલુકા બન્યા પછી એસ ટી ડિવિઝન દ્વારા ગીરગઢડાથી સુરત અને વડોદરા જવા માટે એક પણ બસ શરૂ કરી નથી. ગીરગઢડાથી ખાનગી ટ્રાવેલ્સની પાંચથી વધુ બસો ઉપડે છે. ઉનાથી વડોદરા જવા જે બસ ઉપડે છે તેને ગીરગઢડા, ઊના, વડોદરા રૂટ શરૂ કરવા અને સુરત જવા માટે જે ઊનાથી બસ ઉપડે છે તેને ગીરગઢડાથી ઊના સુરત બસ શરૂ કરવામાં આવે તો ટ્રાફિક પણ મળે તેમ છે. તેમજ ઊનાથી સવારે ૬.૩૦ વાગે ઉપડતી ઊના ગીરગઢડા, ધાવા, તલાલા, જૂનાગઢ જવા માટે તેમજ ઊના, ગીરગઢડા, ઘાંટવડ, પ્રાંચી, વેરાવળ બસ અગાઉ શરૂ હતી તે બંધ કરી દેવામાં આવી છે તે ફરી શરૂ કરવા માંગણી કરી છે. અને સાવરકુંડલા, ફાટસર બસને ગીરગઢડા સુધી લંબાવી ગીરગઢડામાં રાત્રી રોકાણ કરવામાં આવે તેવી માંગણી કરી છે. જો બસો શરૂ નહિ કરાય તો આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# વિપક્ષી ગઠબંધનના ઘટકોમાં દેખાતો અંતર્વિરોધ

ગત જૂનમાં બનેલ 'ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ અલાયન્સ' નામનું વિપક્ષી ગઠબંધન જેમાં ૨૮ પક્ષો છે, તેની ઈચ્છા છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ સામે લડવા માટે એક સંયુક્ત મોરચો બનાવવામાં જેટલું સંભવ હોય, વધુને વધુ વિપક્ષી દળોને સાથે જોડવામાં આવે. આ ગઠબંધનની સ્થાપના કરવામાં કોંગ્રેસનું યોગદાન એટલું જ મહત્ત્વનું છે જેટલું અન્ય પ્રાદેશિક પાર્ટીઓનું, આ એક રીતે ગાંધી પરિવારની સ્વીકારોક્તિ છે કે તેમનો રાજકીય વારસો પોતાના દમ પર ભાજપ સામે મુકાબલો કરવા લાયક રહ્યો નથી. વિપક્ષી ગઠબંધનની બેઠકોની શૃંખલાથી એ પણ સાબિત થાય છે કે કોંગ્રેસનો દબદબો બાકીનાઓ કરતાં વધુ નહીં, બરાબરીનો છે.

આદર્શ રૂપે હાલની ઘટનાઓ આ પ્રકારના ગઠબંધનની જરૂરિયાતને વધુ ઊંડાણથી રેખાંકિત કરે છે. ખાસ કરીને કોંગ્રેસ માટે, કારણ કે પટનામાં વિપક્ષી ગઠબંધનના પહેલા સંમેલનથી જે અનુકૂળ માહોલ બન્યો હતો, તે આગળ જઈને ફિક્કો પડતો ગયો. તેનાથી સાત મહિના પહેલાં, રાહુલ ગાંધીની વ્યાપક ભારત જોડો યાત્રા પૂરી થયા બાદ પણ કંઈક આશા બંધાઈ હતી. જે સામાન્ય લોકો વચ્ચે તેમની છબિ એક અનિચ્છુક અને બેપરવા રાજનેતાની હોવાને બદલવામાં થોડી હદે સફળ થઈ હતી. કોંગ્રેસે કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં પ્રભાવશાળી જીત પણ મેળવી અને જેડી(એસ)ને ખતમ કરી નાખી, જેને કારણે તેણે 'એનડીએ'નું શરણું પકડ્યું છે. ૨૦૨૩નું વર્ષ ખતમ થતાં થતાં વિપક્ષ માટે પરિદૃશ્ય માયૂસીમાં બદલાઈ ગયું. ભાજપે હિંદી પટ્ટીના ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ સાથે સીધી ટક્કરમાં એકતરફી જીત મેળવી. આ ક્ષેત્રમાં હવે કોંગ્રેસી ધારાસભ્યોનું વજૂદ અહીં-ત્યાં છે. સંસદમાં ચાલી રહેલ વર્તમાન શિયાળુ સત્રમાં, ભાજપે ૨૦૨૪માં સત્તાવાપસીના કયાસો વચ્ચે પોતાની લગભગ આધિપત્યવાળી સ્થિતિને ફરી સુદૃઢ કરી છે. સંસદની સુરક્ષામાં લાગેલ હાલના ગાબડા પર વિપક્ષ દ્વારા સરકારને સદનની અંદર વક્તવ્યની માંગની ભાજપે જરા પણ પરવા ન કરી. સરકારે સદનમાં હંગામો કરનારાઓને પાસ ઉપલબ્ધ કરાવનાર સાંસદોને જવાબદાર ઠેરવવાના સૂચનને પણ ફગાવી દીધું અને ચર્ચા કરાવ્યા વિના કાયદા પણ પસાર કરાવી લીધા, જેનો ડેટા સુરક્ષા અને અપરાધિક ન્યાય પ્રણાલી પર દૂરગામી અસર પડશે. વિપક્ષી સાંસદોને જથ્થાબંધમાં બરતરફ કરાયા બાદ, લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષી સદસ્યોની ઉપસ્થિતિ બાકીના સત્રમાં નગણ્ય થઈ ગઈ છે.

આવી હાલત વિપક્ષના ગઠબંધનને ફળીભૂત કરવામાં કેટલા પૂર્વ-સંકેતક છે? ૧૯ ડિસેમ્બરે વિપક્ષી ગઠબંધનના ઘટકોની નવી દિલ્હીમાં બેઠક થઈ, હેતુ હતો પરસ્પર ફૂટને લઈને ચાલી રહેલી ચર્ચાઓનું નિરાકરણ કરવામાં આવે, જે પાછળાં સત્રો બાદ અને હાલના રાજ્યોની ચૂંટણીઓ પહેલાં સીટ વહેંચણીને લઈને સમાજવાદી પાર્ટી, જેડીયુ અને રાષ્ટ્રીય લોકદળ વચ્ચે ખેંચતાણથી પેદા થઈ હતી. બેઠક, જેમાં શિવસેના(યુ), ઉત્તર પ્રદેશ અને બિહારમાં મંડલ કમિશન રાજનીતિ કરનારી પાર્ટીઓ, ડીએમકે અને તેના સહયોગી પક્ષ અને આમ આદમી પાર્ટી સામેલ હતા, તેમની વચ્ચે સહયોગ અને સર્વસંમતિ બનાવવા મુદ્દે હતી, પરંતુ તે થઈ ન શક્યું. હજુ પણ એ સ્પષ્ટ નથી કે શું પ્રતિભાગીઓ પહેલાં 'અપ્રાસંગિક' મનાતા મુદ્દાઓ ઉઠાવીને પોતાનું નુકસાન કરવા તત્પર હતા કે પછી પોતાના વિરોધાભાસોને વ્યક્ત કરીને બહુ ખુશ હતા.

તૃણમૂલ કોંગ્રેસનાં મમતા બેનર્જી અને આપના અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વિપક્ષી ગઠબંધનનો વડાપ્રધાનનો ચહેરો બનાવવાની સલાહ આપી. લાગે છે કે તેમણે આ મુદ્દે પોતાના સિવાય કોઈ બીજાની સલાહ નથી લીધી, એ વિશ્વાસ રાખીને કે સમય આવ્યે બાકી સહયોગીઓને આ બિંદુ પર મનાવી લેવાશે કે ભાજપની અન્ય પછાત વર્ગની રાજનીતિનો તોડ વિપક્ષી ગઠબંધન દ્વારા ભારતના પહેલા દલિત વડાપ્રધાન આપવાનું પત્તું ઉતરવામાં છે. જોકે જેડીયુ નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સતત કહેતા આવ્યા છે કે તેમને વડાપ્રધાન પદની લાલસા નથી, પરંતુ ભૂતકાળમાં તેમના સહયોગીઓનાં નિવેદનોમાં આ મહત્ત્વાકાંક્ષા ખૂબ દેખાઈ છે. પરંતુ વડાપ્રધાન પદનો ચહેરો જાહેર કરવા પર વિમર્શ આગળ ન વધી શક્યો, વિશેષ કરીને ખુદ ખડગે દ્વારા આ સૂચનને તૂલ ન આપવાના અનુરોધ બાદ. જોકે કેટલાક સમાચારોમાં તેમને પોતાના માટે એમ કહેતાં દર્શાવાયા કે તેઓ લાંબા સમયથી જાહેર જીવનમાં છે અને તેમનો વ્યવહાર એક યોદ્ધા જેવો રહ્યો છે, અર્થાત્ તેઓ મમતા-કેજરીવાલના સૂચનને નકારતા નથી. ત્યાં જ ઉદ્ધવ ઠાકરેએ ભાર મૂકીને કહ્યું કે વડાપ્રધાન પસંદ કરવાનો સવાલ ત્યારે પેદા થાય છે જ્યારે પહેલાં ગઠબંધનના સાંસદો ચૂંટાઈને આવે અને હાલમાં વિપક્ષી ગઠબંધનને જેની તાત્કાલિક જરૂર છે, તે છે એક એવા જોડનારાની જે બધાને એક સાથે રાખી શકે.

પ્રદેશો વચ્ચેની કડવાશ અને આંતર-રાજ્ય અસ્વીકાર્યતાને વધુ ઉભારતી કેટલીક રેખાઓ પણ બેઠકમાં ખેંચાઈ ગઈ. જ્યારે ડીએમકેના વરિષ્ઠ પ્રતિનિધિ ટીઆર બાલુએ નીતિશના ભાષણના અનુવાદની માંગ કરી, એના પર બિહારના મુખ્યમંત્રીએ એમ કહીને ઝાટકી નાખ્યા કે તેમને હિંદી આવડવી જોઈએ, જે રાષ્ટ્રીય ભાષા છે. જોકે બેઠકમાં સહમતિ બની કે સીટ વહેંચણીની પ્રક્રિયા વર્ષના અંત સુધી પૂરી કરી લેવામાં આવશે, પરંતુ હકીકતમાં સ્થિતિ શું છે? સમાજવાદી નેતા રામગોપાલ યાદવે સ્પષ્ટ કરી દીધું કે બહુજન સમાજ પાર્ટીને જોડવાનો પ્રસ્તાવ આવ્યો તો તેમની પાર્ટી ગઠબંધન છોડી દેશે. ભલે મમતા બેનર્જીએ વર્ષના અંત સુધી સીટ વહેંચણી પૂરી કરવા પર ભાર મૂક્યો, પરંતુ ખુદ તેના તરફથી એવો સંકેત નથી મળ્યો કે તે પોતાના રાજ્યમાં તૃણમૂલ-કોંગ્રેસ-ડાબેરીઓ સાથે બૃહદ ગઠબંધન બનાવવા તૈયાર છે. જે પ્રકારે વાસ્તવિક ધરાતલ પર પક્ષો વચ્ચે પરસ્પર તકરાર ચાલુ છે, એવામાં લાગતું નથી કે સંયુક્ત મોરચાવાળો આ વિચાર બહુ આગળ વધી શકશે. મહારાષ્ટ્રમાં જ્યાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શરદ પવારની એનસીપીને પોતપોતાના ગઢોની સારી રીતે ખબર છે, ત્યારે કોંગ્રેસ અસમંજસમાં છે કે જરૂર પડતાં ક્યાંથી પોતાનો મજબૂત ઉમેદવાર આપી શકશે.

વિપક્ષી ગઠબંધન સામે મુશ્કેલીઓના કેન્દ્રમાં કોંગ્રેસ દ્વારા ખુદને એક એવા સર્વમાન્ય અગ્રણી તરીકે ઢાળી નહીં શકવાનું છે, જે વિભિન્ન વિચારધારા ધરાવતા પક્ષોને બાંધીને રાખી શકે, જેમની પોતાની અલગ મહત્ત્વાકાંક્ષા અને જે અલગ-અલગ પિપૂડી વગાડી રહ્યા છે. ગઠબંધનની બેઠકમાં સામેલ પક્ષોમાં દરેક સંયુક્ત એજન્ડા અને સંયુક્ત સભાઓ કરવાની જરૂર પર એકમત હતા, જેની પ્રાપ્તિ સંભવ પણ છે, પંરતુ સવાલ ફરીથી એ જ છે - વિપક્ષી ગઠબંધનના આગેવાન કોણ?

### હાઈબ્રિડ પાર્ક અંદાજે રૂા. ૧.૫૦ લાખ કરોડના ખર્ચે નિર્માણ પામશે

# વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્કની મુલાકાતે પહોંચ્યા સીએમ ભૂપેન્દ્ર પટેલ

## વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કનું નિર્માણ ભારતની ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રસ્થાપિત કરવાના હેતુસર થઈ રહ્યું છે

કચ્છ, તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના ખાવડા ખાતે નિર્માણાધીન ૩૦ હજાર મેગાવોટના સોલાર-વિન્ડચ રિન્યુએબલ એનર્જી પાર્કની કામગીરીની પ્રગતિ નિરીક્ષણ માટે બુધવારે સવારે મુલાકાત લીધી હતી. વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કનું નિર્માણ ભારતની ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રસ્થાપિત કરવાના હેતુસર થઈ રહ્યું છે. આ હાઈબ્રિડ પાર્ક અંદાજે રૂ. ૧.૫૦ લાખ કરોડના ખર્ચે નિર્માણ પામશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રિન્યુએબલ એનર્જી પાર્કની કામગીરી સાથે સંકળાયેલા નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ, NTPC, GIPCL, GSEC જેવા કેન્દ્ર-રાજય સરકારના સાહસો દ્વારા હાથ ધરાઈ રહેલી કામગીરીનો ઝીણવટપૂર્વક રિવ્યુ ઉચ્ચસ્તરીય બેઠકમાં કરીને વિગતો મેળવી હતી. ઉર્જામંત્રી કનુ દેસાઈ, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, ઊર્જા અગ્ર સચિવ મમતા વર્મા, રાજ્ય સરકારના સચિવો તથા સંબંધિત જાહેર સાહસોના વરિષ્ઠ અધિકારીઓ આ સમીક્ષા બેઠકમાં જોડાયા હતા.મુખ્યમંત્રીએ આ રિન્યુએબલ એનર્જી પાર્કમાં જનરેટ થનારો પાવર ગુજરાત સહિત દેશના અન્ય વિસ્તારોને વેળાસર મળતો થાય તે દિશામાં કાર્યરત રહેવા અધિકારીઓને પ્રેરક સૂચન કર્યુ હતું. તેમણે પાવર જનરેશનથી લઈને ઈવેક્યુએશન અને ટ્રાન્સમીશનાં સમયબદ્ધ આયોજન તેમજ પૂલીંગ સ્ટેશન, ટ્રાન્સમીશન લાઈન વગેરે અંગે પણ બેઠકમાં જાણકારી મેળવી હતી.મુખ્યમંત્રી અને ઉર્જામંત્રી સહિત સૌ વરિષ્ઠ સચિવો ખાવડા નજીક કચ્છ સરહદે ધર્મશાળા પાસે અંદાજે ૭૪,૬૦૦ હેક્ટરમાં ફેલાયેલા આ રિન્યૂએબલ એનર્જી પાર્કના સ્થળની પણ મુલાકાત લીધી હતી. આ ડ્રીમ પ્રોજેક્ટસની સ્વયં સ્થળ મુલાકાત લઈ કામગીરી, પ્રગતિનું નિરીક્ષણ અને જરૂરી માર્ગદર્શનનો ઉપક્રમ હાથ ધર્યો છે. તદઅનુસાર, તેમણે તાજેતરમાં મેટ્રો રેલ ફેઝ-૨, ધરોઈ એરિયા ડેવલપમેન્ટ અને ધોલેરા SIRની સ્થળ મુલાકાત કરી હતી. એ જ શૃંખલામાં આગળ વધતાં મુખ્યમંત્રીશ્રીએ કચ્છનાં ખાવડામાં નિર્માણાધિન આ વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્કની બુધવારે નિરીક્ષણ મુલાકાત લીધી હતી.

# હવેથી અયોધ્યા જંકશન અયોધ્યા ધામથી ઓળખાશે

## યોગી આદિત્યનાથે ૨ દિવસ પહેલાં નિરીક્ષણ દરમ્યાન સ્ટેશનનું નામ અયોધ્યા ધામ રાખવા ઈચ્છા વ્યક્ત કરી હતી

લખનૌ, તા.૨૯

અયોધ્યા રામમંદિરનાં ઉદ્દ્ઘાટન પહેલાં અયોધ્યા રેલ્વે સ્ટેશનનું નામ બદલી દેવામાં આવ્યું છે. રેલ્વે સ્ટેશન હવે અયોધ્યા ધામનાં નામે ઓળખાશે. રેલ્વે સ્ટેશનનું નામ બદલવાનાં આદેશો આજે એટલે કે બુધવારે આપવામાં આવ્યાં છે. માહિતી અનુસાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨ દિવસ પહેલાં નિરીક્ષણ દરમિયાન સ્ટેશનનું નામ અયોધ્યા ધામ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જે બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઘોષણાથી રામ ભક્તો ઘણાં ખુશ જોવા મળી રહ્યાં છે.

અયોધ્યા રેલ્વે સ્ટેશનનું નામ બદલી દેવામાં આવ્યું છે. રેલ્વે સ્ટેશન હવે 'અયોધ્યા ધામ'થી ઓળખાશે.અયોધ્યા રેલ્વે સ્ટેશનને ત્રેતા યુગને પ્રદર્શિત કરનારા સ્થળ તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ સ્ટેશનને જોઈને તમને ભવ્ય મંદિરમાં પ્રવેશ્યાનો અનુભવ થશે. અહીંથી રામ મંદિર આશરે ૧ કિમી દૂર છે. આ સ્ટેશન આશરે ૫૦૦૦૦ યાત્રિકોની ક્ષમતા ધરાવે છે. ૩૦ ડિસેમ્બરનાં રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે.

રેલ્વે વિભાગની તરફથી આ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે. ૨૨ જાન્યુઆરીનાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ છે. જેમાં લાખોની સંખ્યામાં ભક્તો રામ નગરી અયોધ્યામાં આવશે. પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને અહીં ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે. કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી યોગી સામેલ થશે.

# જો કોઈ દારૂ પીને ગાડી ચલાવશે તેમના ઉપર FIR નોંધાશે : પોલીસ કમિશ્નર

અમદાવાદ ,તા. ૨૯

અમદાવાદમાં જો કોઈ દારૂ પીને ગાડી ચલાવતા મળી આવશે તેમના ઉપર હ્રૈંઈ નોંધવામાં આવશે અને જે પોલીસ કર્મચારી દ્વારા આવા કેસ કરવામાં આવશે તેને ઈનામ અપાશ અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા એક આદેશ બહાર પાડવામાં આવ્યો છે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ઠેર-ઠેર દેશી અને વિદેશી દારૂ પીવાતો તેમજ વેચાય છે. તે ભલે જાણ જગજાહેર ન હોય પરંતુ જાણ લગભગ તમામને છે. ત્યારે અમદાવાદ શહેરમાં દારૂ પીનેડ્રાઈવ કરવાની ઘટના વધતા અમદાવાદ પોલીસ કમિશ્નરએ મહત્વનો આદેશ આપ્યો છે. અમદાવાદ પોલીસ કમિશ્નર દારૂ પીને ડ્રાઈવ કરતા નબીરાઓને સંકાજામાં લેવા માટે મહત્વનો પાયા રૂપ નિર્ણય લીધો છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા એક આદેશ બહાર પાડવામાં આવ્યો છે જેમાં જણાવ્યું છે કે, શહેરમાં જો કોઈ દારૂ પીને ગાડી ચલાવતા મળી આવશે તેમના ઉપર હ્રૈંઈનોંધવામાં આવશે અને જે પોલીસ કર્મચારી દ્વારા આવા કેસ કરવામાં આવશે એવા પોલીસ કર્મચારીને રૂપિયા ૨૦૦ ઈનામ આપવામાં આવશે.

અમદાવાદ શહેર પોલીસની થર્ટી ફર્સ્ટની ઉજવણી પહેલાં અનોખી પહેલ શરૂ કરી છે.૩૧મી ડિસેમ્બરની ઉજવણી સંદર્ભે પોલીસએ અસરકારક કામગીરી કરવા કમિશનરે આદેશ આપ્યો છે અત્રે જણાવીએ કે, અમદાવાદ શહેરમાં દારૂ પીને કાર ચલાવી તો પોલીસ દ્વારા મહત્વનું એક્શન લેવામાં આવશે. અત્રે જણાવીએ કે, અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી નશામાં ડ્રાઈવ કરવાના કેસો વધી રહ્યા હતાં. જેના પગલે અકસ્માતના બનાવો પણ વધી રહ્યાં છે.

શહેરમાં જો કોઈ દારૂ પીને ગાડી ચલાવતા મળી આવશે તેમના ઉપર હ્રૈંઈ નોંધવામાં આવશે અને જે પોલીસ કર્મચારી દ્વારા આવા કેસ કરવામાં આવશે એવા પોલીસ કર્મચારીને રૂપિયા ૨૦૦ ઈનામ આપવામાં આવશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી દ્વારા એક આદેશ બહાર પાડવામાં આવ્યો છે.


અમદાવાદ પોલીસ દ્વારા ૩૧ ડિસેમ્બરે ગ્રીન કેકર્સનો ઉપયોગ થશે. સાયલેન્સ ઝોન અને જાહેર રોડ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમજ ક્રિશમશની રાત્રે અને ૩૧ ડિસેમ્બરે ૧૧.૫૫ થી ૧૨.૩૦ સુધી ફટાકડા ફોડી શકાશે. સીજી રોડ પર સ્ટેડિયમ સર્કલથી પંચવટી સુધી સાંજે ૬ વાગ્યાથી ભારે વાહન પર પ્રતિબંધ મુકાયો છે. તેમજ જાહેરનામાનો ભંગ બદલ પોલીસ દ્વારા કાર્યવાહી કરાશે.

# ભાજપના નેતાઓએ ડીએમને ચા માટે ૭૦૦ રૂપિયા મોકલ્યા

## મુખ્યમંત્રી યોગીને મળવા ગેસ્ટ હાઉસ ગયા ત્યારે ડીએમએ નેતાઓને અપમાનિત કરી ચા પીવડાવીને પાછા મોકલ્યા, જિલ્લા અધિકારીએ નેતાઓને અપમાનિત કર્યાનો આરોપ

ગાઝિયાબાદ, તા.૨૯

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદના ભાજપ નેતાઓ જિલ્લા અધિકારી પર તેઓને અપમાનિત કરવાનો આરોપ લગાવ્યો છે. તેઓનું કહેવું છે કે ગઈકાલે જયારે તેઓ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથથી મળવા ગેસ્ટ હાઉસ ગયા ત્યારે જિલ્લા અધિકારી રાકેશ કુમારે નેતાઓને અપમાનિત કર્યા અને ચા પીવડાવીને પાછા મોકલી દીધા હતા. તેઓને મુખ્યમંત્રીથી મળવા દેવામાં આવ્યા ન હતા. આ કારણે તેઓએ જિલ્લા અધિકારીને ચા દીઠ ૫૦ રૂપિયાના દરે ૭૦૦ રૂપિયા મોકલ્યા છે. આ સાથે એક પત્ર પણ મોકલવામાં આવ્યો છે. આ પત્રમાં સમગ્ર ઘટનાનું વર્ણન કરવામાં આવ્યું છે. સોશ્યલ



મીડિયા પર આ પત્ર ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં ભાજપના ૧૨ નેતાઓના નામ લખ્યા છે. આ નેતાઓમાં પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય, પ્રદેશ કાર્યકારિણી સભ્યો, પ્રદેશ સંયોજકમ પૂર્વ મહાનગર અધ્યક્ષ પણ સામેલ છે. નેતાઓના જણાવ્યા અનુસાર ગાઝિયાબાદમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ દરમિયાન તેમને હાથમાં ફૂલ આપીને ગેટ પાસે ઉભા કરવામાં આવ્યા હતા. સભા સ્થળની અંદર જવાની પરવાનગી ન હતી. જેના કારણે તેઓ મુખ્યમંત્રીને મળી શક્યા ન હતા. ફરિયાદ કરવા પર જિલ્લા અધિકારીએ કહ્યું કે તમે (નેતાઓ) સન્માનિત વ્યક્તિઓ છો, તમને આદરના ચિહ્ન તરીકે ચા પણ પીવડાવવામાં આવી છે. ભાજપના નેતાઓ દ્વારા જિલ્લા અધિકારી (ડીએમ) રાકેશ કુમાર સિંહને લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે - ૨૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ મુખ્યમંત્રી સાથે મુલાકાત અને વાતચીત કરવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ તમે (ડીએમ) તેના બદલે બધાને એક્ઝિટ ગેટ પર લાઈનમાં ઊભા રહેવા કહ્યું. જેના પર અમને અપમાન લાગ્યું અને ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારે તમે કહ્યું કે મેં તમને ચા પીવડાવી છે. તેથી તે ચા માટે ૫૦ રૂપિયા પ્રતિ ચાના હિસાબે તમને ૭૦૦ રૂપિયા મોકલવામાં આવી રહ્યા છે. આ મામલે જિલ્લા અધિકારી રાકેશ કુમાર સિંહે કહ્યું કે, મેટ્રોપોલિટન યુનિટે જે હેતુ માટે પોલીસને પાસની લીસ્ટ મોકલી હતી .

# મેડિક્લેમ પાસ કરવામાં હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ આનાકાની નહીં કરી શકે

નવી દિલ્હી, તા.૨૮

આગામી દિવસોમાં હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ જો દર્દી ૨૪ કલાકથી ઓછા સમય માટે હોસ્પિટલમાં દાખલ હોય તો પણ મેડિક્લેમના દાવાને નકારી શકશે નહીં.

હાલમાં વીમા કંપનીઓ ત્યારે જ મેડિક્લેમ આપે છે જ્યારે દર્દીને ૨૪ કલાકથી વધુ સમય માટે સર્જરી અથવા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. પરંતુ આ નિયમમાં ફેરફાર થવાની શક્યતાઓ છે અને સરકારે આ અંગે વીમા ક્ષેત્રના નિયમનકાર IRDAI (Insurance Regulatory and Development Authority of India) સાથે વાતચીત શરૂ કરી છે. એનસીડીઆરસી (National Consumer Disputes Redressal Commission)ના પ્રમુખ અમેશ્વર પ્રસાપ શાહીએ તાજેતરમાં મેડિક્લેમનો લાભ મેળવવા માટે ૨૪ કલાક હોસ્પિટલમાં દાખલ થવાના નિયમની સમીક્ષા કરવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે આજના બદલાતા સમયમાં મેડિકલ ટ્રીટમેન્ટ એટલી એડવાન્સ થઈ ગઈ છે કે સારવાર અને સર્જરી થોડા કલાકોમાં જ પૂરી કરી શકાય છે. તેમણે કહ્યું કે જો હોસ્પિટલમાં દાખલ દર્દી ૨૪ કલાકથી ઓછા સમય માટે હોય તો દાવાઓ સ્વીકારવામાં આવતા નથી. તેમણે કહ્યું કે હવે ઘણા પ્રકારની સારવાર છે જે ૨૪ કલાકથી ઓછા સમયમાં પૂર્ણ થઈ શકે છે.

# આજી ડેમમાં નર્મદાનું 530 MCFT પાણી છોડાયુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૯

ચોમાસુ પુરૂ અને શિયાળાની શરૂઆતથી જ રાજકોટમાં પાણીની સમસ્યાઓ શરૂ થઈ ગઈ છે, જિલ્લામા ઠેર ઠેર પાણીનો કાપ જોવા મળી રહ્યો છે. ઠંડીની શરૂઆતથી જ રાજકોટ આખુ સૌનીના આધાર પર આવી ગયુ છે. ત્યારે રાજકોટમાં હવે નર્મદાનું પાણી છોડવામાં આવ્યુ છે. હાલમાં મળતા રિપોર્ટ અનુસાર, રાજકોટમાં આજી ડેમમાં નર્મદાના પાણી છોડવામાં આવ્યુ છે. ખાસ વાત છે કે, રાજકોટમાં ૧૮૦૦ MCFTની પાણીની માંગની સામે ૭૫૦ MCFT જેટલુ પાણી જ મંજૂર કરાયુ છે. આમાંથી આજે ૫૩૦ MCFT પાણી છોડવામાં આવ્યુ છે. રાજકોટમાં ફરી એકવાર પાણીની વિકટ સમસ્યા ઉનાળામાં ઉભી થઈ શકે છે. ઉનાળા પહેલા શિયાળામાં જ આજી ડેમમાં પાણીની ઘટ જોવા મળી રહી છે, જોકે, હવે રાજકોટમાં પાણી મુદ્દે હાલની પારાયણ બંધ થઈ છે. હાલમાં જ ઉનાળા સુધી ચાલે તેટલું પાણી આજી ડેમમાં ઠાલવવામાં આવ્યું છે. રાજકોટના આજી ડેમમાં અત્યારે સૌની યોજનાના આધારે ૫૩૦ MCFT પાણી ઠાલવવામાં આવ્યું છે. ૧૮૦૦ MCFT પાણીની માંગ કરી હતી, જોકે, પ્રથમ તબક્કામાં ૭૫૦ MCFT પાણી મંજૂર કરવામાં આવ્યું હતું. શિયાળો શરૂ થતાં જ રાજકોટ સૌનીના આધારે આવી ગયુ છે. આ બધાની વચ્ચે હવે સરકાર અને રાજકોટ વાસીઓને નવા જળ સંગ્રહ સ્ત્રોતો શોધવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યૂનિવર્સિટી ફરી એકવાર વિવાદોમાં સપડાઈ છે. રાજકોટની સૌરાષ્ટ્ર યૂનિવર્સિટીનો ફરી એકવાર અણઘડ વહીવટ ચાલી રહ્યો હોવાનુ સામે આવ્યુ છે, જેના કારણે વિદ્યાર્થીઓને વેઠવુ પડી રહ્યુ છે. હાલમાં જ સમાચાર છે કે, સૌરાષ્ટ્ર યૂનિવર્સિટીના ૩૦ વિદ્યાર્થીઓ ડિગ્રીથી વંચિત છે, તો વળી ૧૫૦ વિદ્યાર્થીઓ ગૉલ્ડ મેડલથી વંચિત રહ્યાં છે. યૂનિની મોટી બેદરકારીના કારણે વિદ્યાર્થીઓનું ભાવિ અદ્ધરતાલ થયુ છે. સમાચાર છે કે, રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યૂનિવર્સિટીમાં મોટી બેદરકારી સામે આવી છે, ઘોર બેદરકારીના કારણે વિદ્યાર્થીઓના ભાવિ સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. માહિતી છે કે, રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બેદરકારીના કારણે ૩૦ હજાર વિદ્યાર્થી ડિગ્રીથી વંચિત રહ્યાં છે. આ ઉપરાંત ૧૫૦ વિદ્યાર્થીઓ ગૉલ્ડ મેડલથી વંચિત છે. અત્યારે પરિસ્થિતિ એવી પેદા થઈ છે કે, હવે વિદ્યાર્થીઓએ ગૉલ્ડ મેડલ અને ડિગ્રી મેળવવા આંદોલન કરવું પડી શકે છે. ડિગ્રીના અભાવે જે વિદ્યાર્થીઓનો ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવું છે તે પણ નથી જઈ શકતા, યૂનિવર્સિટીના અણઘડ વહીવટ અને અણઆવડતના કારણે આ વર્ષે હજુ સુધી પદવીદાન સમારોહ પણ નથી યોજાયો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અનાશક્ત મનુષ્ય કર્મ કરવા છતાં પણ તે કર્મબંધનમાં નથી પડતો. - યોગ વશિષ્ઠ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર વદ-૨, તા.૨૯ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૫, પુષ્ય નક્ષત્ર, વૈધૃતિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૧૪

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ:જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન:પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ: લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા: પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક:જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી સ્નેહ રહે.
ધન: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદ થાય.
મીન: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# ફ્રાન્સથી પરત આવેલ ભારતીયોમાં પાટણ-બનાસકાંઠા, આણંદ-ગાંધીનગર સહિતના ૨૧ ગુજરાતીઓ સામેલ : CID ક્રાઈમ દ્વારા તપાસ

અમદાવાદ, તા.૨૯

અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરીના સૌથી મોટા ષડ્યંત્રનો ખુલાસો થયા પછી ફ્રાંસના વેટ્રી એરપોર્ટ ઉપર ચાર્ટર્ડ ફ્લાઈટની તપાસમાં માનવ તસ્કરીનો પર્દાફાશ થયો હતો. માનવ તસ્કરી મુદ્દે તપાસ થયા બાદ ભારતીય યાત્રીઓનું આ વિમાન પરત ફર્યું છે. જેમાં ગુજરાતી સહિત ૩૦૩ પ્રવાસીઓ સામેલ હોવાનું બહાર આવ્યું છે. આ પ્રકરણમાં ૨૧ જેટલા ગુજરાતી મુસાફરોના નામ સામે આવ્યા છે. આ મુસાફરો પાટણ, બનાસકાંઠા, માણસા, ગાંધીનગર ગ્રામ્ય અને આણંદના રહેવાસી છે. કબૂતરબાજી અને એજન્ટને લઈને CID ક્રાઈમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ રેકેટની તપાસ માટે ૪ ટીમો બનાવાઈ છે. ૪ DySPની ૧૬ પોલીસ અધિકારીઓની ટીમ તપાસમાં જોડાઈ છે. ભોગ બનનારના પરિવારના નિવેદનો લઈને CID ક્રાઈમે તપાસ શરૂ કરી છે. એજન્ટો કેટલા પૈસા લીધા, શું વાયદા કર્યા અને ત્યાં ગયેલા લોકોની સ્થિતિની તપાસ શરૂ કરવામાં આવી છે.

કબૂતરબાજી મામલે સીઆઈડી ક્રાઈમના એસ.પી. સંજય ખરાટે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં મીડિયા અને બીજા સોર્સીસથી અમને ખબર પડી હતી કે, એક પ્લેન ફ્રાન્સમાં ડિટેન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના અમુક નાગરિકો જેમાં પંજાબ અને ગુજરાતીઓ સહિતના ત્યાં ડિટેન કરવામાં આવ્યા હતા. આ માહિતી બાદ DGPની સૂચનાથી તાત્કાલિક CID ક્રાઈમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આમાં ગુજરાતના કેટલા ભોગ બનનાર લોકો છે. આ લોકો મુંબઈ સુધી પરત ફર્યા છે. આમાં અમુક ગુજરાતી લોકો પણ પરત આવ્યા છે. અને આ લોકોની જે માહિતીને આધારે ગુજરાત CID ક્રાઈમના અલગ અલગ યુનિટો દ્વારા તપાસ શરૂ કરાઈ છે. આ સમગ્ર કૌભાડમાં વિવિધ પ્રોમિસિસ આપીને ગુજરાતના નાગરિકોને UAS અને તે સિવાયના અન્ય દેશોમાં મોકલવામાં આવે છે. તેવું બહાર આવ્યું છે. CID ક્રાઈમે અલગ અલગ ૪ ટીમ બનાવી છે. આ લોકોની મૂળ વિસ્તારની હાલ સુધી માહિતી મળે છે. તેમાં મુખ્યત્વે ઉત્તર ગુજરાતના બનાસકાઠાં, પાટણ, મહેસાણા જિલ્લો છે, તેમજ આણંદ જિલ્લો છે ત્યાંના લોકોનો મોટા પ્રમાણમાં સમાવેશ થાય છે. તે સિવાય ભારતમાંથી અલગ અલગ જગ્યાના લોકો પણ ભોગ બનનાર તરીકે છે. તે લોકો હાલ

## કબૂતરબાજી મુદ્દે ચાર ટીમો બનાવી તપાસ જારી; દરેકની વન ટુ વન તપાસ કરાશે : SP


મુંબઈ છે. ગુજરાત પોલીસની ટીમ તેમના સંપર્કમાં પણ છે. અને તે લોકોના આવ્યા બાદ આપણે ફરીથી તેમની સાથે સંકલન કરીને એજન્સી અથવા એજન્ટ મારફત ક્યાં ડોક્યુમેન્ટ અને ક્યા પ્રોમિસિસના આધારે જવાના પ્રયાસ કરતા હતા. ભૂતકાળમાં એવા કેટલા લોકો ગયા છે. ભવિષ્યમાં કેટલા લોકો જવા માટે લાઈનમાં છે અથવા તો પ્રોસેસ કરી રહ્યા છે. તે વસ્તુની આપણે ઉંડાણપૂર્વક તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, અમારી ગુજરાત પોલીસ બ્યુરો ઈમિગ્રેશન અને ભારત સરકારની એજન્સી સાથે સંકળાયેલી છે. તેમની સાથે અમે કોન્ટેકટમાં છીએ. હાલ સુધીની તપાસમાં અમારી પાસે જે રો માહિતી છે તે માહિતી તો છે પરંતુ જ્યાં સુધી આપણે ઊંડાણપૂર્વક તપાસમાં ભોગ બનનારની વન ટુ વન વ્યવસ્થિત તપાસ નહીં કરી શકીએ ત્યાં સુધી ગુજરાત અથવા સાઉથ ઈન્ડિયાના છે. નોર્થ ગુજરાતના છે. પંજાબના ઘણા બધા લોકો પકડાયેલા છે. તો એ ક્યાંકને ક્યાં એકબીજા સાથે સંકળાયેલી એજન્સી છે. તે બહાર આવશે નહીં. ગામડામાં, તાલુકામાં, નાના વિસ્તારમાં અમુક એજન્ટો કામ કરતા હશે. તે નાના જિલ્લામાંથી લઈને અમુક જગ્યા સુધી જ કામ કરે છે. ત્યારબાદ ઈન્ટરનેશનલમાં બીજા માણસોની કામગીરી છે. તેની પણ ટૂંક સમયમાં ગુજરાત પોલીસ તરફથી તપાસ કરી સ્પષ્ટ ચિત્ર બહાર લાવવામાં આવશે. દરેક કેસ વાઈસ અલગ અલગ માહિતી છે. ઘણી બધી માહિતી અથવા ઘણી બધી સામગ્રી કબજામાં લેવામાં આવી છે. અમે કોઈપણ પુરાવા છોડવા માગતા નથી. જેમાં કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ ફોન, ડોક્યુમેન્ટ કબજે કર્યા છે. ૧૦ અને ૧૨માંનું સર્ટિફિકેટ, કેટલાક બેક્ર સ્ટેટમેન્ટ છે. તો ઘણી બધી માહિતી FSL ખાતે મોકલી છે. ઘણી બધી પ્રોસેસમાં જાતે એનાલિસિસ કર્યું છે. મોટા પ્રમાણમાં ડેટા કબજે લીધેલા છે. આ સિવાય વિસ્તારની, રાજયની અને દેશની એજ્યુકેશન સંસ્થાઓ અને રાજયની તેની સાથે પણ છેતરપિંડી કરી ફ્રોડ ડોક્યુમેન્ટ બનાવ્યા છે. હાલના સંજોગોમાં અલગ અલગ જગ્યાએ પર્સનલી જઈને ડોક્યુમેન્ટ વેરિફિકેશનનું કામ કરવામાં આવે છે કે આ તમારી યુનિવર્સિટી તરફથી આ તમારૂં સર્ટિફિકેટ છે કે કેમ? જો તે લોકો કન્ફર્મ કરે કે આ સર્ટિફિકેટ અમારી સંસ્થા દ્વારા આપવામાં આવ્યું નથી. તો બેઝિકલી બોગસ ડોક્યુમેન્ટ બનાવેલા છે. તો બોર્ડ અને ગવર્મેન્ટ સાથે છેતરપિંડી છે. કોઈ શૈક્ષિણક સંસ્થાની સંડોવણી મામલે તેમણે જણાવ્યું હતું કે, આ મામલે અમે તપાસ કરીએ છીએ. શૈક્ષિણક સંસ્થા જ નહીં પરંતુ આમાં કેટલાક લોકો હોઈ શકે છે. અમુક કેસોમાં દસ નાપાસ બાળક છે જે વિદેશ જવા માગે છે અથવા નથી જવા માગતો અને એજન્ટ તરફથી એવું પ્રોમિસ કરવામાં આવે છે કે, તમે ચિંતા ના કરતા તમારા બાળકનું થઈ જશે. પછી તેના કમ્પ્લેટ ખોટા કાગળો બનાવવામાં આવે છે. બારમાનું સર્ટિફિકેટ છે, કોલેજનું સર્ટિફિકેટ છે. ઉપરાંત અનુભવ અંગેના સર્ટિફિકેટ પણ છે. અમુક PRના અથવા તો સ્ટુડન્ટ વિઝાના પર્સન્ટેજ વધારીને આપવામાં આવે છે ફ્રોડ ડોક્યુમેન્ટને લીધે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત અઠવાડિયા વિઝા એજન્સી ઉપર દરોડા પાડ્યા હતા. આમાં દરેકની એસઓપી અલગ છે. પ્રોસેસ અલગ છે. અમુક કેસમાં તે લોકો પહેલાં પૈસા લે છે. અમુક કેસમાં અડધા કામ પછી પેમેન્ટ લેવામાં આવે છે. અમુક કેસ એવા પણ સામે આવે છે જેમાં USAમાં ઉતર્યા પછી પેમેન્ટ આપવાનું રહે છે. તો અલગ અલગ એજન્સીઓની જુદી જુદી એમ.ઓ છે.

# દેશના છ રાજ્યોમાં કોરોનાના નવા વેરિઅન્ટનો પગપેસારો; સતત વધી રહેલા કેસ, ત્રણનાં મોત

## JN.1ના કેસમાં ઊછાળો, ગોવા-મહારાષ્ટ્ર સહિત આ રાજ્યોમાં ૬૯ દર્દી, કર્ણાટકમાં ૩૪, મહારાષ્ટ્રમાં ૯, ગોવામાં ૧૪, કેરળમાં ૬, તમિલનાડુમાં ૪, તેલંગણામાં બે કેસ

નવી દિલ્હી, તા.૨૯

દેશમાં એકતરફ થર્ટી ફર્સ્ટ નજીક આવી રહી છે, તો બીજીતરફ કોરોના વાયરસના કેસોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધીમાં ૬ રાજ્યોમાં કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧નો પગપેસારો થઈ ગયો છે, જેના કારણે કેન્દ્ર સરકાર સાથે રાજ્ય સરકારો પણ ચિંતિત બની ગઈ છે. નવા વેરિયન્ટના રોજબરોજ કેસો વધી રહ્યા છે, સોમવારે પણ વધુ ૬૯ કેસો સામે આવ્યા છે. જ્યારે રવિવારે ૬૩ કેસો નોંધાયા હતા. મોટાભાગના સંક્રમિત દર્દીઓ હોમ ક્વોરન્ટાઈન છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ત્રણ લોકોના મોત થયા છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ દેશમાં કુલ સકારાત્મક કેસોની સંખ્યા વધીને ૪૧૭૦ ઉપર પહોંચી છે. સૌથી વધુ કર્ણાટકમાં ૩૪ કેસ, મહારાષ્ટ્રમાં ૯, ગોવામાં ૧૪, કેરળમાં ૬, તમિલનાડુમાં ૪ અને તેલંગણામાં ૨ કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯૩ દર્દીઓ સાજા થયા છે. મળતી માહિતી મુજબ દેશમાં કોવિડના સબ વેરિયન્ટ જેએન.૧ના કુલ ૬૬ દર્દીઓ છે. નવા સબ વેરિઅન્ટના સૌથી વધુ કેસો ગોવામાં સામે આવ્યા છે. જ્યારે મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગણામાં પણ કેસો નોંધાયા છે. દેશમાં સતત કોરોના કેસો વધી રહ્યા છે. જો કે વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના પૂર્વ મુખ્ય વિજ્ઞાની ડૉ.સૌમ્યા સ્વામીનાથને કહ્યું કે, હાલ ગભરાવાની જરૂર નથી, કારણ કે આ ચિંતાનો વિષય નથી. તેમણે કહ્યું કે, લોકો ખુલ્લા વાતાવરણમાં રહે અને માસ્ક વગર નાદુસ્ત લોકોને



મળવાનું ટાળે. દેશમાં જેએન.૧ સબ-વેરિયન્ટનો પ્રથમ કેસ ઓગસ્ટમાં સામે આવ્યો હતો. નવો વેરિયન્ટ ઓમિક્રોન (ઓમિક્રોન)નો સબ-વેરિયન્ટ બીએ.૨.૮૬માંથી ઉદભવ્યો છે. ૨૦૨૨ની શરૂઆતમાં કોરોના કેસોમાં વધારો થવાનું મુખ્યકારણ બીએ.૨.૮૬ જ હતો. બીએ.૨.૮૬ વધુ ફેલાયો ન હતો, પરંતુ તેને નિષ્ણાંતોની ચિંતા વધારી દીધી હતી, કારણ કે, બીએ.૨.૮૬માં સ્પાઈક પ્રોટીન ઉપર વધારાના પરિવર્તનો થયા હતા અને તેની જેમ જેએન.૧ના સ્પાઈક પ્રોટીનમાં પણ એક વધારાનું પરિવર્તન થયું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, વિશ્વસ્તરે કેસોમાં વધારો થાય બાદ સામે આવ્યું છે કે, જેએન.૧ ઓમિક્રોનું સબ-વેરિયન્ટ છે, જે મજબૂત ઈમ્યૂનિટી ધરાવતા લોકોને પણ સરળતાથી સંક્રમિત કરી શકે છે. યૂએસ સેન્ટર ફોર ડિજીજ કંટ્રોલ (CDC)એ નવા વેરિયન્ટને ઝડપી ફેલાતો હોવાનો ખુલાસો કર્યો છે.


### લિકર પરમીશન અંગે નિયમ જાહેર કરવામાં આવ્યા !

# ગિફ્ટ સિટીમાં માત્ર અધિકૃત તેમજ મુલાકાતીઓ જ દારૂનું સેવન કરી શકશે

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતના ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટીમાં લિકર પરમિશન અંગે નિયમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં હોટલ, કલબ, રેસ્ટોરન્ટને લાયસન્સ મળશે. માત્ર અધિકૃત અને મુલાકાતીઓ લિકરનું સેવન કરી શકશે. તથા ગિફ્ટ સિટીના કર્મચારીઓએ લિકર એક્સેસની મંજૂરી લેવી પડશે. ગિફ્ટ સિટીમાં અધિકૃત અધિકારી દ્વારા પરમિટ અપાશે. આ અંગે નશાબંધી નિયામકે જણાવ્યું છે કે સરકારની સૂચના મુજબ કામગીરી કરશું. અધિકૃત રીતે મુલાકાત લઈ રહેલા મુલાકાતીઓને પરમિશન મળશે. પરમિટ માટે FL3 પ્રકારનું લાયસન્સ મેળવવાનું રહેશે. ફ્લ્3 લાયસન્સ ધારકે ખરીદેલ જથ્થાની માહિતી રાખવી પડશે. દારૂનું સેવન કર્યા બાદ વાહન ચલાવી શકાશે નહીં. તથા ૨૧ વર્ષથી વધુ વયના વ્યક્તિ જ દારૂનું સેવન કરી શકશે. અન્ય રાજયના અને વિદેશી નાગરિકોને પણ પરમિટ અપાશે. દારૂનું સેવન કરતા વ્યક્તિએ જરૂરી દસ્તાવેજ રાખવા પડશે. તેમજ સમગ્ર વિસ્તાર CCTV સર્વેલન્સમાં રહેશે. લાયસન્સ જે સ્થળનું મંજૂર હોય ત્યાં સેવન કરી શકાશે. જેમાં અન્ય સ્થળે દારૂનું સેવન કરી શકાશે નહીં. રાજ્ય સરકારે ગિફ્ટસિટીમાં દારૂ પીવાની મંજૂરી આપી છે. આ જાહેરાતના પગલે ગિફ્ટ સિટી કલબની ડિમાન્ડ વધી છે. ગિફ્ટ સિટી કલબની મેમ્બરશિપ લેવા માટે ઈન્કવાયકરી વધી ગઇ છે. નવાઈની વાત એ છે કે ગુજરાત સરકારની જાહેરાત્ બાદ માત્ર ૪૮ કલાકમાં જ ૧૦૭ લોકોએ ગિફ્ટ સિટી કલબની મેમ્બરશિપ મેળવી છે. જાણવા મળ્યુ છે કે, ડિમાન્ડને પગલે ગિફ્ટ સિટી કલબની મેમ્બરશિપનો ભાવ પણ વધી શકે તેવી શક્યતા છે. હાલમાં મેમ્બરથી ચાર્જ રૂપિયા સાત લાખ છે જે હજુ વધી શકે તેવા અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત્ : કાતિલ શિયાળાની આગાહી



અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત્ છે અને સાથે જ રાજ્યમાં ઠંડી વધે તેવી શક્યતાઓ પણ જોવા મળી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ગગડતો જોવા મળી રહ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો થયો છે. આ સાથે જ લોકોએ હવે ડિસેમ્બરના અંતથી જ હાડ થીજાવતી ઠંડીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. રાજ્યમાં આગામી દિવસોમાં ઠંડી માટે તૈયાર રહેવું પડશે. આગાહી પ્રમાણે આગામી દિવસોમાં ઠંડીનું જોર વધવાની સંભાવના છે. ડિસેમ્બરના અંત એટલે કે વર્ષ ૨૦૨૩ના છેલ્લા અઠવાડિયા અને નવા વર્ષની શરૂઆત હાડ થીજવતી ઠંડી માટે તૈયાર થઈ જાવ. આગામી દિવસોમાં ગાત્રો થીજવતી ઠંડીનો દોર શરૂ થશે. તેજ પવન સાથે ઠંડીનો ચમકારો રહેશે. હવે ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ વધતું જશે. ૩૦ ડિસેમ્બરથી જબરદસ્ત કાતિલ ઠંડી રહેશે. જાન્યુઆરી મહિનો ઠંડોગાર રહે તેવું અનુમાન છે.

# જેટકો પરીક્ષા ભરતી વિવાદમાં ૬ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા




અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં હાલ જેટકોની ભરતી પરીક્ષા મામલે વિવિધ પગલાં સરકાર દ્વારા ભરવામાં આવી રહ્યા છે. ત્યાં જેટકો દ્વારા ૬ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ વચ્ચે તંત્ર દ્વારા એન્જીનીયર અને ડેપ્યુટી એન્જીનીયર કક્ષાના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અંગેની માહિતી અનુસાર, જેટકો દ્વારા લેવામાં આવેલ પરીક્ષામાં ગેરરીતી થઈ હોવાની રજૂઆત બાદ જેટકો દ્વારા તપાસ કરાવવામાં આવતા અધિકારીઓની બેદકારી સામે આવી હતી. જે બાદ જેટકો દ્વારા ત્રણ ઝોનની પરીક્ષા રદ કરવામાં આવી હતી. જે બાદ પણ વિવાદ શાંત થવાનું નામ ન લેતા વડોદરા જેટકોની ઓફિસ બહાર પરીક્ષાર્થીઓ દ્વારા ધરણા પ્રદર્શન કરી રજૂઆત કરી હતી. અને અલ્ટીમેટમ આપ્યું હતું. દરમ્યાન જેટકો દ્વારા બેદરકારી દાખવનાર ૬ અધિકારીને સસ્પેન્ડ કરી દેવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. જેમાં મહેસાણા ડિવિઝનનાં ડેપ્યુટી ઈજનેર કે.એચ.પરમાર, ધાનેરા કાર્યપાલક ઈજનેર એસ.આર.યાદવ, મહેસાણાનાં કાર્યપાલક ઈજનેર બી.જે.ચૌધરીને જૂનાગઢ અને જામનગર ખાતે પોલ કલાઈમબિંગ ટેસ્ટ પ્રક્રિયામાં ત્રણેય અધિકારીઓની બેદરકારી સામે આવી હતી. જેટકો દ્વારા ભતી પરીક્ષાનાં વિવાદ મામલે એન્જીનીયર અને ડેપ્યુટી એન્જીનીયર કક્ષાનાં ૬ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે. સાથે જ પરીક્ષા રદ કરવાની પરિસ્થિતિ અને જેટકો તથા સરકારની થઈ રહેલી બદનામી માટે ત્રણેય અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. ચીફ એન્જીનીયર એ.બી. રાઠોડ દ્વારા ત્રણેયને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# ભારતીયો અમેરિકામાં ત્રીજી સૌથી મોટી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ વસ્તી ધરાવે છે

હૈદરાબાદ, તા.૨૯

ગેરકાયદેસરનો ત્રીજો સૌથી મોટો સમુદાય યુનાઈટેડ સ્ટેટ્સમાં વસાહતીઓ ભારતના છે, જેમાં તાજેતરના વર્ષોમાં બિનદસ્તાવેજીકૃત ભારતીયોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. યુ.એસ. કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શને ૨૦૨૩માં બિનદસ્તાવેજીકૃત ભારતીય સ્થળાંતર કરનારાઓ સાથે આશરે ૯૬,૯૧૭ ક્રિયાપ્રતિક્રિયાઓની જાણ કરી હતી. વિદેશ રાજયમંત્રી, વી. મુરલીધરને ચોંકાવનારા આંકડા આપ્યા છે. એક દાયકા પહેલા ૧૫૦૦થી વધુ અટકાયતથી ૨૦૧૯ સુધી ૧૦,૦૦૦થી થોડી ઓછી, ૨૦૨૩માં સંખ્યા વધીને લગભગ એક લાખ થઈ ગઈ છે. પ્યુ રિસર્ચ સેન્ટરના ડેટા સૂચવે છે કે, મેક્સિકો અને અલ સાલ્વાડોરમાં યુએસમાં સૌથી વધુ ઈમિગ્રન્ટ વસ્તી છે, જ્યારે ભારત ત્રીજા ક્રમે છે. કેલિફોર્નિયા, ટેક્સાસ, ફ્લોરિડા, ન્યૂયોર્ક, ન્યૂ જર્સી અને ઈલિનોઈસ જેવા રાજ્યોમાં બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સની નોંધપાત્ર સાંદ્રતા છે. આ સંખ્યામાં તાજેતરની વધઘટ નોંધવામાં આવી છે, જેમાં કેટલાક રાજ્યોમાં વધારો જોવા મળ્યો છે જ્યારે અન્યમાં બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ વસ્તીમાં ઘટાડો જોવા મળ્યો છે. એનબીસીએ ન્યૂયોર્ક સ્થિત બિનપક્ષીય સંશોધન જૂથ માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટરે ટાંક્યું કે, જો તમે દક્ષિણ સરહદે તેને ઝડપી બનાવી શકો તો તમે દિલ્હીમાં વિઝિટર વિઝા માટે શા માટે રાહ જોશો. અનધિકૃત ઈમિગ્રન્ટ્સ યુએસ શ્રમ દળનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે, જે ૨૦૨૧માં આશરે ૪.૬% હોવાનો અંદાજ છે. જેમ-જેમ યુએસ પ્રમુખપદની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ ગેરકાયદેસર સરહદ ક્રોસિંગનો મુદ્દો અમેરિકન મતદારોમાં મહત્ત્વ મેળવે છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સમાં થયેલા વધારાને પ્રમુખ જો બાઈડેનની ઈમિગ્રેશન નીતિઓમાં કરેલા ફેરફારોને આભારી છે.

# રાજ્યમાં નવા પોર્ટ સ્થાપવા સાથે પોર્ટ લેડ સિટી ડેવલપ કરાશે : સમિટમાં સેમિનારનું આયોજન

ગાંધીનગર,તા.૨૯

રાજયમાં ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકિનારાને લઈ પોર્ટ, મત્સ્યોદ્યોગ સહિતમાં ગુજરાત પ્રગતિ સાધી રહ્યું છે. ત્યારે આગામી સમયમાં રાજયમાં નવા પોર્ટ વિકસાવવા તેમજ પોર્ટ-લેડ સિટી ડેવલપ કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. તેને લઈને વાયબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત તા.૧૧મી જાન્યુઆરીએ ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ઈન્ટરેકિટવ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. પોર્ટ લેડ સિટી ડેવલપમેન્ટ એ વિઝન ફોર ધ ફયુચર વિષયે આ સેમિનાર મહાત્મા મંદિર ખાતે હોલ-૧માં યોજાશે. આ અંગેની વિગતો આપતા આઈએએસ અધિકારી રાજકુમાર બેનીવાલે જણાવ્યું કે, "સેમિનાર શહેરી પ્રણાલીમાં બંદરો દ્વારા વિકાસની પરિવર્તનશીલ સંભાવનાને એક્સપ્લોર કરવા, તેના ઉપર ચર્ચા કરવા અને પ્રોત્સાહન આપવા માટે યોજાયેલ છે. આ સેમિનાર સરકારી અધિકારીઓ, ઉદ્યોગ અગ્રણીઓ, આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને મેરીટાઈમ ઓથોરિટી વચ્ચે ચર્ચા કરવા અને વિચારશીલ નેતાઓના સંકલન માટે એક ગતિશીલ મંચ પ્રદાન કરશે." તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો હતો કે સેમિનારનો ઉદ્દેશ્ય બંદરો આધારિત (પોર્ટ-લેડ) શહેરી વિકાસ ખ્યાલની સમજને વધારવાનો છે, જે આર્થિક વિકાસ અને શહેરી પરિવર્તન માટેની તેની સંભવિતતા પર ભાર મૂકે છે. તે જાહેર-ખાનગી ભાગીદારી, મૂડીરોકાણ અને પોર્ટ-લેડ શહેરી વિકાસને ઝડપી બનાવવા માટે સહયોગ માટેની તકો એક્સપ્લોર કરવાનો પ્રયાસ કરે છે. આ ઈવેન્ટ સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ અને પોર્ટ-લેડ શહેરો માટે ટકાઉપણાંમાં ટેક્નોલોજી અને નવીનતાની ભૂમિકાને પ્રકાશિત કરશે. વધુમાં, તે હિતધારકોને નેટવર્ક, કનેક્શન બનાવવા અને સમગ્ર વિશ્વમાં પોર્ટ-લેડ સિટી પહેલની સફળતાને આગળ વધારવા માટે સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડે છે. તેમણે જણાવ્યું કે, ઉદ્ઘાટન સત્ર પોર્ટ-લેડ શહેરોના વિકાસના ઉદ્દેશ્યો અને મહત્વ અને તે ગુજરાતમાં આર્થિક વૃદ્ધિ અને સ્થિરતાના વિઝનમાં કેવી રીતે યોગદાન આપી શકે તે અંગે જરૂરી આંતરદષ્ટિ પ્રદાન કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ; ભારત સરકારના બંદરો તથા શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ; બેલ્જિયમમાં ભારતના રાજદૂત ડીડીઅર વેન્ડરહાસેલ્ટ, ભૂતાન, નેપાળ અને નેધરલેન્ડમાં ભારતના રાજદૂત મેરિસા ગેરાર્ડ્સ ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરે તેવી શક્યતા છે. પોર્ટલેડ ઈકોનોમિક ઓપોર્ચ્યુનિટીઝ-પેનલ ડિસ્કશન વિશે માહિતી આપતાં, તેમણે ઉમેર્યું હતું કે તે બંદરો દ્વારા આર્થિક વૃદ્ધિના વિવિધ પાસાઓમાં મૂલ્યવાન આંતરદષ્ટિ પ્રદાન કરશે. તેઓ કેવી રીતે આર્થિક સમૃદ્ધિને ઉત્પ્રેરિત કરી શકે છે, ટકાઉપણાને પ્રોત્સાહન આપી શકે છે અને સરળ કાર્ગો અવરજવર માટે સંકલિત લોજિસ્ટિક્સ કોરિડોર બનાવી શકે છે, તે માટે વિવિધ વિષયે ચર્ચા થશે. સેમિનારમાં અગ્રણી વક્તાઓ હાજર રહેશે, જેમાં એપીએમ ટર્મિનલ્સ ખાતે એશિયા અને મધ્ય પૂર્વના ચીફ એક્ઝિક્યુટિવ જોનાથન ગોલ્ડનર, એડી પોર્ટ્સ ગ્રુપના પ્રાદેશિક સીઈઓ મોહમ્મદ ઈધા અલમેન્હાલી, ડીપી વર્લ્ડના સબકોન્ટીનેન્ટ અને સબ સેહારણ આફ્રિકાના સીઈઓ અને એમડી રિઝવાન સૂમર, જેએમ બક્ષી ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર ધ્રુવ કોટક અને APSEZ ખાતે સીઈઓ (પોર્ટ્સ) સુબ્રત ત્રિપાઠી સહિતના અગ્રણીઓ હાજર રહેશે. જ્યારે ઈન્ટીગ્રેશન ઓફ પોર્ટ વિથ અર્બન એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ અંગેની પેનલ ડિસ્કશનમાં શહેરી અને ઔદ્યોગિક વિકાસ સાથે બંદરોના એકીકરણ ઉપર એક સ્વપ્રદ્રષ્ટા પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે. આ વ્યૂહાત્મક જોડાણ કેવી રીતે આર્થિક વિકાસ અને ટકાઉપણાના ભાવિને આકાર આપી શકે છે તે અંગે મૂલ્યવાન આંતરદષ્ટિ પ્રદાન કરે છે. સેમિનારમાં મુંબઈમાં નેધરલેન્ડના કોન્સ્યુલ જનરલ બાર્ટ ડી જોંગ સહિત; ઓગસ્ટે તાનો કુઆમે, વિશ્વ બેંકના કન્ટ્રી ડાયરેક્ટર; શશિ કિરણ શેટ્ટી, ઓલકાર્ગો લોજિસ્ટિક્સ લિમિટેડના ચેરમેન જોડાશે. ગુજરાત મેરીટાઈમ બોર્ડે અત્યારસુધીમાં ૧૪૦થી વધુ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફોર્મ્સ અને લગભગ ૫૦ વ્યૂહાત્મક ભાગીદારી એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા છે. જેમાં સૂચિત રોકાણ રૂા.૧.૫ લાખ કરોડ જેટલું છે, જેમાં ૯૦,૦૦૦ રોજગારીની તકો છે.

# ગિરનાર ઉપર બિરાજમાન અંબાજી માતાજીના દર્શનનો લીધો લાભ

## સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય અને પરિવારજનોને પ્રસાદી તથા આશીર્વચન અપાયા



જૂનાગઢ તા. ૨૯ : જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે બિરાજમાન જગત જનની અંબાજી માતાજીના દર્શને તાજેતરમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય તેમજ ડો.નિષ્ઠાબેન અભિજીત ઉપાધ્યાય, ચિ.આરના તેમજ પરિવારજનો દર્શનાર્થે ગયા હતા. જયાં અંબાજી માતાજીના અનન્ય દર્શનનો લ્હાવો લીધો હતો. તેમજ આ તકે મંદિર ટ્રસ્ટ તરફથી સૌરાષ્ટ્ર ભૂમિ પરિવારનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું તેમજ આશીર્વચન સાથે માતાજીની પ્રસાદી અર્પણ કરાઈ હતી.

(તસ્વીરઃ વિજય ત્રિવેદી)

# સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા ફુલ સ્કેપ ચોપડાનું વિમોચન કરાયું



જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢની જાણીતી અને સતત સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલ સંસ્થા એટલે સ્વામી લીલાશાહ મિત્રમંડળ જૂનાગઢ દ્વારા સતત ૧૩માં વર્ષે ફુલસ્કેપ ચોપડા બનાવવામાં આવેલ છે અને તેનું વિમોચન કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાયના હસ્તે આ ફુલસ્કેપ ચોપડાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ તકે સ્વામી લીલાશાહ મિત્ર મંડળના રમેશભાઈ સેવકાણી ઉપસ્થિત રહયા હતા. આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે વિમોચન કરી અને આ સંસ્થા દ્વારા વધુને વધુ સેવાકીય પ્રવૃત્તિ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત જૂનાગઢના વરિષ્ઠ એડવોકેટ હરીશભાઈ દેસાઈના વરદ્‌હસ્તે પણ આ ફુલ સ્કેપ ચોપડાનું વિમોચન કરાયું હતું અને તેઓશ્રી દ્વારા પણ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી તેમ રમેશભાઈ સેવકાણીની એક યાદીમાં જણાવેલ છે.


# પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરતી જૂનાગઢ એ ડીવીઝન પોલીસ



જૂનાગઢ તા. ૨૯

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાના માર્ગદર્શન તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અનુસાર અરજીઓ અનુસંધાને સંવેદનાપુર્ણ અસરકારક કામગીરી કરવા જણાવેલ હોય જેથી વિભાગીય પોલીસ અધિક્ષક શ્રી ધાંધલીયાની સુચના મુજબ પો.ઈન્સ. શ્રી સાવજ દ્વારા કરેલ સુચના મુજબ કોઈપણ વ્યક્તિની ચીજવસ્તુ ગુમ બાબતે અસરકારક અને તાત્કાલીક કામગીરી કરવી જેના અનુસંધાને પીએસઆઈ આર.પી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ હે.કો. એસ.બી. રાઠોડ અને નિલેશ ચૌહાણએ અરજદાર નિશાબેન જસ્મીનભાઈ વિઠલાણી રહે. વણઝારી ચોક, જૂનાગઢવાળાનો વિવો કંપનીનો મોબાઈલ કિંમત રૂા.૧૮,૫૦૦નો ગુમ થયેલ હોય જેની અરજી અનુસંધાને મોબાઈલની ટેકનીકલ સોર્સના માધ્યમથી તપાસ કરતા સદરહું મોબાઈલ ફોન મળી આવતા બીલની ખરાઈ કરી મુળ માલિકને મોબાઈલ પરત કરવામાં આવેલ હતો.

# જૂનાગઢના વિદ્યાર્થીની રાજયકક્ષાની સુર્ય નમસ્કાર સ્પર્ધા માટે પસંદગી



જૂનાગઢ તા. ૨૯

સુર્ય નમસ્કાર-૨૦૨૪ની સ્પર્ધામાં ક્રિષ્ના હાઈસ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલના વિદ્યાર્થી વંશ ગૌરવએ જૂનાગઢ મનપા જીલ્લા કક્ષાની સ્પર્ધામાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરી રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી થઈ છે. રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પ્રેરીત ગુજરાત રાજય યોગ બોર્ડ અને જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત સુર્ય નમસ્કારની સ્પર્ધામાં ધો.૯ નો વિદ્યાર્થી વંશ ગૌરવએ વોર્ડ કક્ષાએ પ્રથમ, ઝોન કક્ષાએ પ્રથમ અને જૂનાગઢ મહાનગરપાલિકા કક્ષાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કરી રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામતા સંસ્થાના પ્રમુખ બુટાણી, ટ્રસ્ટી હરેશ પરસાણા, શ્રી વઘાસીયા, અજુડીયા, રવિ, ડોબરીયા, કોચ શ્રી પરમાર, પ્રિન્સીપાલ ઠુંમર અને શાળાના સ્ટાફે શુભેચ્છા પાઠવી હતી. ઘર-ઘર સુધી યોગ પહોંચે એ હેતુથી સુર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે. દેશના નાગરીકો સારી રીતે સ્વચ્છ અને દીર્ઘાયુ જીવન જીવવા માટે સુર્ય નમસ્કારને આપણી જીવન શૈલીનો ભાગ બનાવીએ. આ અંગેનું ઉદ્‌બોધન સંસ્થાના પ્રમુખ જે.વી.બુટાણી અને પ્રિન્સીપાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉના : રાઉન્ડ કલોક સઘન ચેકીંગ હાથ ધરાયું



ઉના તા. ૨૯

હાલ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં નાતાલ પર્વની ઉજવણી થઈ રહી છે અને આગામી ૩૧ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણીમાં સમગ્ર ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં લોકો વાહનો મારફત દીવ મુલાકાતે આવે છે અને પછી પરત ગુજરાતની હદમાં પ્રવેશતા તડ ચેક પોસ્ટ ઉપર નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એ.બી. વોરા અને પોલીસ સ્ટાફ રાઉન્ડ ધ કલોક ચોવીસ કલાક દિવથી આવતા તમામ વાહનો અને તેના ચાલકોને તપાસ કરી અને બ્રેથ એનાલાઈઝર મશીનથી ચેક કરી કેફી પીણું પી ને આવતા શખ્શો સામે કડક કાર્ય વાહી કરી રહ્યા છે. ડ્રીંક એન્ડ ડ્રાઈવનો ગુનો દાખલ કરવામાં આવી રહ્યો છે.

# દ્વારકામાં બોટમાં પેસેન્જર ભરવા બાબતે યુવાન ઉપર જીવલેણ હુમલો

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૯

દ્વારકા તાલુકાના રહેતા મનીષભા લગધીરભા સુમણીયા નામના ૨૩ વર્ષના વાઘેર યુવાન સાથે દ્વારકામાં ગોમતીઘાટ પાસેના વિસ્તારમાં પેસેન્જર બોટ બોટમાં પેસેન્જર ભરવા બાબતે બોલાચાલી કરી અને રાજાભા ગગાભા માણેક, કણભા ગગાભા માણેક, હાડાભા ગગાભા માણેક તેમજ રાજાભા અને હાડાભાના દિકરાઓ, ભાવેશ કણભા, બલી સુરાભા મકવાણા તેમજ ત્રણ અજાણ્યા શખ્સો મળી કુલ ૧૦ શખ્સોએ એકસંપ કરી, ગેરકાયદેસર રીતે મંડળી રચી અને ફરિયાદી મનીષભા ઉપર લોખંડના પાઈપ, છરી તેમજ હાથમાં પહેરેલા કડા વડે હુમલો કર્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ બિભત્સ ગાળો કાઢી, પથ્થરના છુટા ઘા મારીને ઈજાઓ કર્યાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૩૦૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મમતા બેનર્જી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમથી અળગા રહે તેવી શક્યતા



નવી દિલ્હી, તા.૨૯

અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા ની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે અને આ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા નેતાઓ, ક્રિકેટરો તેમજ અનેક મોટી હસ્તિઓને આમંત્રણ આપવામાં આવ્યું છે જેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું નામ પણ સામેલ છે ત્યારે હવે સામાચાર આવી રહ્યા છે કે તૃળમૂલ કોંગ્રેસની આ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમથી દૂર રહેવાની શક્યતા છે. ઉત્તરપ્રદેશના અયોધ્યામાં આગામી ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે જેમાં પ્રધાનમંત્રી મુખ્ય અતિથિ છે જેના હાથે ભાગવાન રામ લલ્લાની મૂર્તિને સ્થાપિત કરવામાં આવશે. આ માટે યોગી સરકાર પુરજોશ તૈયારી કરી રહી છે અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવા માટે દેશના તમામ મોટા નેતા, વિવિધ દિગ્ગજોને આમંત્રણ આપવામાં આવ્યું છે જેમાં પશ્ચિમ બંગાળનામુખ્યમંત્રી પણ સામેલ છે ત્યારે સુત્રોમાંથી સમાચાર મળી રહ્યા છે કે તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેશે નહીં. જો કે હજુ સુધી ટીએમસીએ સત્તાવાર રીતે નિર્ણયની જાહેરાત કરી નથી પરંતુ નજીકના સુત્રોએ જણાવ્યુ હતું કે પાર્ટી ભાજપ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો ઉપયોગ આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પ્રચાર માટે સ્પ્રિંગબોર્ડ તરીકે ઉપયોગ કરવા માંગે છે. આ ભવ્ય ઉત્સવ માટે ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો, અભિનેતાઓ, સૈન્ય અધિકારીઓ અને પદ્મશ્રી અને પદ્મ ભૂષણ પુરસ્કારો તેમજ તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામા, યોગ ગુરુ બાબા રામદેવ, ઉદ્યોગપતિ અદાણી ગ્રુપના ગૌતમ અદાણી, રિલાયન્સના મુકેશ અંબાણી, અભિનેતા અમિતાભ બચ્ચન, રજનીકાંત, માધુરી દીક્ષિત નેને, અરુણ ગોવિલ, જેઓ રામાનંદ સાગરની ફિલ્મ રામાયણમાં રામનો રોલ કરનાર અરુણ ગોવિલ, દિગ્દર્શક મધુર ભંડારકર, ગીતકાર પ્રસૂન જોશી અને સહિત અનેક મહાનુભવોનો મહેમાનોની યાદીમાં સમાવેશ થાય છે.

# ડો. ઝાકિર હુસૈન મદ્રેસા આધુનિકીકરણ યોજના હેઠળ રાજ્યની દરેક મદ્રેસાને રૂા. ૧૦ લાખની સહાય : શિંદે સરકાર

મુંબઈ ૨૯

મહારાષ્ટ્રના મદ્રેસાઓ માટે એક મોટા સમાચાર છે. રાજ્યની મદ્રેસાઓ માટે સરકારે પોતાની તિજોરી ખોલી દીધી છે. જો કે સરકારે આ માટે એક શરત પણ રાખી છે. તે શરત એ છે કે મદરેસાઓમાં ગણિત અને વિજ્ઞાન ભણાવવાનું રહેશે. મહારાષ્ટ્ર સરકારની ઝાકિર હુસૈન મદ્રેસા આધુનિકીકરણ યોજના હેઠળ આ સુવિધા આપવામાં આવશે. અત્યાર સુધી આ યોજના હેઠળ માત્ર ૨ લાખ રૂપિયાની સહાય મળતી હતી, પરંતુ હવે સરકારે તેને વધારીને ૧૦ લાખ રૂપિયા કરી દીધી છે. મહારાષ્ટ્ર સરકારે એક GR (ગવર્નમેન્ટ રિઝોલ્યુશન લેટર)માં આ માહિતી આપી છે. આ વ્ઈમાં મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારે કહ્યું છે કે રાજ્યની દરેક મદ્રેસાને ૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. સરકારે આ માટે યોગ્યતા પણ નક્કી કરી છે. તેમણે જણાવ્યું કે માત્ર એ જ મદરેસાઓ જ્યાં રોજગારલક્ષી આધુનિક ટેક્નોલોજી સાથે ગણિત અને વિજ્ઞાન ભણાવવામાં આવશે, ત્યાં જ આ સુવિધા મેળવી શકશે. રાજ્ય સરકારે ડો.ઝાકિર હુસૈન મદ્રેસા આધુનિકીકરણ યોજના હેઠળ આ જીઆર બહાર પાડ્યો છે. આ જીઆર મુજબ તમામ શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસક્રમમાં વિજ્ઞાન અને ગણિતને ફરજિયાત વિષય તરીકે સામેલ કરવા જણાવાયું છે. આમાં મદરેસા પણ સામેલ છે. આ સંદર્ભમાં રાજ્ય સરકારે રાજ્યની તમામ મદરેસાઓને આધુનિક બનાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ માટે મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ઝાકિર હુસૈન મદ્રેસા આધુનિકીકરણ યોજનાની રકમ ૨ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવાનો આદેશ આપ્યો છે.

જીઆરમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે વડાપ્રધાનના ૧૫ મુદાના કાર્યક્રમ હેઠળ આ જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાનના ૧૫ મુદાના કાર્યક્રમોમાં મદ્રેસાઓના આધુનિકીકરણને મુખ્ય રીતે લેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ઝાકિર હુસૈન મદ્રેસા આધુનિકી કરણ યોજના હેઠળ, ૨૦૧૩ થી દર વર્ષે ૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી રહી છે. દસ વર્ષ બાદ સરકારે ગ્રાન્ટની રકમમાં સુધારો કરીને તેને વધારીને ૧૦ લાખ રૂપિયા કરી છે.

# શ્રી બિલેશ્વર ભારતી આશ્રમ - અરણિયાળા ખાતે અક્ષત કળશનું સામૈયું કરાયું



મેંદરડા, તા.૨૯

રામજન્મ ભૂમિ અયોધ્યાની પાવન ધરતી પર પ્રભુશ્રી રામલલ્લાનું ભવ્ય અને દિવ્ય મંદિર તૈયાર થયુ છે. જેમાં આગામી તા.૨૨/૧/૨૪ ના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે ત્યારે સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ સાથે વિવિધ કાર્યક્રમો થઈ રહ્યાં છે. પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે અક્ષત કળશનું સામૈયું શ્રી બિલેશ્વર ભારતી આશ્રમ - અરણિયાળા કરવામાં આવ્યું હતું જ્યા મોટી સંખ્યામાં ગ્રામજનો રામભક્તના માનવ મહેરામણ સાથે યાત્રા સ્વરૂપે શ્રી જાગનાથ મહાદેવ મંદિરથી શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે કળશ લઈ જવામાં આવેલ. જ્યાં શ્રી બિલેશ્વર ભારતી આશ્રમ - અરણિયાળા ના મહંતશ્રી જીતેન્દ્ર ભારતીજી ગુરુશ્રી મુક્તાનંદ ભારતીજી શુભહસ્તે અક્ષત કળશનું સ્વાગત કરી પૂજન કરવામાં આવેલ. આ સમગ્ર ઉત્સવ દરમ્યાન શ્રી બિલેશ્વર ભારતી આશ્રમ -અરણીયાળાના મહંતશ્રી જીતેન્દ્ર ભારતીજી ગુરૂશ્રી મુક્તાનંદ ભારતીજીએ શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં શ્રી રામજન્મભૂમિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અભિયાન સાથે જોડાયેલ ગ્રામજનો અને સેવક સંપ્રદાયઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળ કામનાથ મંદિર ખાતે આદ્રા નક્ષત્રમાં ૧૦૮ દિવડાની દીપમાળા સાથે મહાઆરતી કરાઈ




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૯

માંગરોળથી સાત કિલોમીટર દુર અતિપૌરાણિક કામનાથ મહાદેવ મંદિરે ૧૦૮ દિવડાની દિપમાળા તેમજ પુષ્પ શણગાર સાથે વિષેશ પુજા મહાઆરતીનું આયોજન કરાયુ હતું. ગઈકાલે માગશર માસનું મહા આદ્રા નક્ષત્ર હોય ત્યારે આ દિવસનું ખૂબ જ મહત્વ ગણાય છે કહેવાય છે આ દિવસે શિવ દર્શન અને શિવલિંગની પુજા કરવાથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે તેમજ આ દિવસે દિપ પ્રગટાવવાનું પણ ખુબ જ મહત્વ માનવામાં આવે છે ત્યારે આ નક્ષત્ર આદ્રા નક્ષત્રમાં કામનાથ મહાદેવ મંદિર ખાતે સવિશેષ આયોજન જેમાં વિષેશ ઉપસ્થિત ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, વિશ્વ હિન્દુ પરિષદના વિનુભાઈ મેસવાણીયા, પ્રકાશભાઈ લાલવાણી વરિષ્ઠ પત્રકાર ગુણવંત સુખાનંદીબાપુ, રમેશભાઈ જોષી, નરેશભાઈ ગૌસ્વામી, વિપુલભાઈ ગાંધી સહીતના ઉપસ્થિત આગેવાનો શિવભક્તો દ્વારા દિપ પ્રાગટાવી મહાઆરતીનો લાભ લીધો અને દિપમાળા સાથે કામનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# શિયાળાની ઠંડીમાં ભગવાન દ્વારકાધીશને ચાંદીની સગડીમાં તાપણું કરવામાં આવ્યું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૯

હાલમાં શિયાળાની ઋતુમાં ઠંડીથી બચવા લોકો છાણાને લાકડાના તાપણા કરે છે ત્યારે જગતમંદિર ભગવાન દ્વારકાધીશના મંદિરમાં વારાદાર પુજારી દ્વારા ભગવાન દ્વારકાધીશને ચાંદીની સગડીમાં ગરમ તાપણું કરવામાં આવ્યું હતું. ભગવાન દ્વારકાધીશને શિયાળાની ઠંડીથી બચવા ભોજનમાં બાજરીના રોટલા, રીંગણાંનો ઓળો અને અડદીયાનો પાક રાજભોગમાં અર્પણ કરવામાં આવે છે. જગતના પાલનહાર દ્વારકાધીશને પૂજારી પરિવાર દ્વારા શિયાળાની ઋતુમાં ભગવાન દ્વારકાધીશને ગરમીથી બચવા ગરમ ભોજન તેમજ ગરમ સગડીનો તાપ કરી ભાવ પ્રગટ કરવામાં આવે છે.

### જૂનાગઢમાં ડ્રગ્સ વિરોધી અભિયાનના ભાગરૂપે કાર્યક્રમ યોજાયો

# બાળકો-યુવાનોમાં ડ્રગ્સનું દૂષણ માતા-પિતા, સમાજ અને દેશ માટે ખૂબ જ ખતરનાક : સિહાબ ચિત્તુર




(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ તા.૨૯

ડ્રગ્સને કહો ના, જિંદગીને કહો હાના મૂળભૂત ઉદેશ સાથે નૂર ચેરીટેબલ ટ્રસ્ટ અને વોર્ડ નં. ૮ના કોર્પોરેટર રજાકભાઈ હાલા દ્વારા જુનાગઢ શહેરમાં ગત રાત્રે જુમ્મા મસ્જિદના ગ્રાઉન્ડમાં ડ્રગ વિરોધી અભિયાનના ભાગરૂપે પ્રેરક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેરળના મલ્લપુરમ થી મકકા સુધી પગપાળા હજ યાત્રા પૂર્ણ કરનાર કેરળના આઈકોનિક યુવાન સીહાબ ચિત્તૂર ની પ્રેરક ઉપસ્થિતિમાં ડ્રગ વિરોધી અભિયાનનો સંદેશો આપવામાં આવ્યો હતો. પોતાના પ્રેરક સંબોધનના સીહાબ ચિતુર એ કહ્યું કે, પરિવર્તન લાવો પરિવર્તન સિવાય કંઈ પણ શક્ય નથી. તેમણે કહ્યું કે જો મા-બાપ વ્યસન કરતા હોય તો બાળકો પણ તે માર્ગે જાય છે. માતા-પિતા બાળકો માટે રોલ મોડલ હોય છે તેથી બાળકો સામે ક્યારેય બીડી પણ પીવો નહીં. તેના માટે તમારી જાતમાં પરિવર્તન લાવો.

સિહાબ ચિત્તુરે કહ્યુ કે ડ્રગ્સ ની સમસ્યા વિશ્વ વ્યાપી છે. બાળકો - યુવાનોમાં ડ્રગસનું દુષણ માતા- પિતા, સમાજ અને દેશ માટે ખૂબજ ખતરનાક સાબિત થાય છે.નિયત સારી રાખો અને સારા કામ કરો. પોતાની પગપાળા હજ યાત્રાની માહિતી આપતા સીહાબ ચિત્તુર્ એ કહ્યું કે તેમણે પગપાળા હજ યાત્રા કરવા માટે ૯ દેશો માં કુલ ૮,૬૪૦ કિ.મી.નો પ્રવાસ કર્યો. તેમણે વધુમાં કહ્યું કે મને પણ તમારી જેમ અલ્લાહે બે પગ આપ્યા છે મને કોઈ વિશેષ શક્તિ આપી નથી. પરંતુ નિયત સારી હોય અને ઈરાદો મજબૂત હોય તો કોઈ પણ કામ કરી શકાય છે. મેં મારી પગપાળા હજ યાત્રા શરૂ કરતા પહેલા પાંચ વર્ષ તેના પર કામ કર્યું હતું. અલગ અલગ દેશોમાં અલગ અલગ મુશ્કેલીઓ આવી છે. માત્ર વિઝા મેળવવા માટે મારે દોઢ વર્ષ સુધી કાર્યવાહી કરવી પડી હતી. સારા માણસ બનવા માટે વર્ષોની મહેનત લાગે છે પણ ખરાબ બનવા માટે માત્ર એક મિનિટ કાફી છે. બાળકો સામે ક્યારેય કોઈ ખોટું કામ કરો નહીં બાળકોને સાંભળો. આપણે સારા માણસ બનીશું તો પુરુ વિશ્વ સારું બનશે તેમ કહીને તેમણે જનમેદની ને ડ્રગ વિરોધી શપથ લેવડાવ્યા હતા.

જ્યારે આ કાર્યક્રમમાં જુનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેલા બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ સુશ્રી જી.ડી.રાજપૂત મેડમે જિલ્લા પોલીસ તંત્ર વતી ડ્રગ વિરોધી અભિયાનનો સંદેશો આપતા કહ્યું કે તમામ પ્રકારનો નશો ખરાબ છે. નશો બરબાદી લાવે છે. બે ઘડીની કાલ્પનિક મજા પરિવાર, સમાજ, દેશ માટે હાનિકારક સાબિત થાય છે, તેમણ સારી વ્યક્તિ બનવા અને પરિવાર દેશનું ગૌરવ વધારવા માટે ભાર મૂક્યો હતો.

જ્યારે કાર્યક્રમની સંબોધતા મુસ્લિમ એકતા મંચના પ્રમુખ ઈમ્તિયાઝ પઠાણે શિસ્તબધ જિંદગી જીવવા, સમયની પાબંદી કરવા, સમયની કિંમત સમજવા અને વ્યસનનો ત્યાગ કરવા અનુરોધ કર્યો હતો.

જ્યારે શાહિદ ખાન પઠાણે તેમના સંબોધનમાં પણ તમામ પ્રકારના નશાનો ત્યાગ કરવા જણાવ્યું હતું અને યોગ્ય વ્યક્તિની રોલ મોડલ તરીકે પસંદગી કરવા ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ઘણા યુવાનો બાળકો ગેર માર્ગે જઈ રહ્યા છે નશો તમારો નાશ કરે છે તેથી ખૂબ જ સંભાળપૂર્વક જીવન જીવવા અને સારા રોલ મોડલ પસંદ કરવા જણાવ્યું હતું.

કાર્યક્રમ ના પ્રારંભે જુમ્મા મસ્જિદના ખતિબ અલી મહંમદ પલેજા એ તિલવતે કુરાને પાકથી કાર્યક્રમ શરૂ કરાવ્યો હતો ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું હતું. ખાતીબ અલી મોહંમદ પલેજાએ સારા સંસ્કારો, શિક્ષણ અને મજહબ થી દુરી હોવાને કારણે યુવા પેઢી ગેરમાર્ગે દોરાય છે તેવું જણાવ્યું હતું. શરીયત માં ડ્રગ્સની સખત મનાઈ કરવામાં આવી છે અને તેની સખ્ત સજા છે તેથી ડ્રગ્સ થી દુર રહેવા તેમણે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના મુસ્લિમ અગ્રણીઓ, માંગરોલ નગરપાલિકાના પ્રમુખ મોહમ્મદ હુસેનભાઈ ઝાલા, યુસુફ ભાઈ જુણેજા, કાસમભાઈ પતાણી, ઈકબાલભાઈ મારફતીયા, એસ આઈ બુખારી બાપુ, શાહિદ બાપુ, પરવેઝ બાપુ, અરશદ બાપુ, હુસેનભાઈ દલ, એન્જિનિયર ઈસ્માઈલભાઈ દલ, એડવોકેટ શબ્બીરભાઈ શૈખ, રજાકભાઈ મહીડા, સાકીરભાઈ બેલીમ, શફીભાઈ સોરઠીયા, નિસાર બાપુ મુનશી, જબ્બરભાઈ ફુટવાળા, કુદુસ ભાઈ મુનશી, વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા એનાઉન્સર અને વાલીએ સોરઠ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ડોકટર હારુનભાઈ વિહલે તેમની આગવી શૈલીમાં કર્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નૂર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ા. તેમજ વોર્ડ નંબર ૮ ના કોંગ્રેસના કોર્પોરેટર રજાકભાઈ હાલા, અમીનભાઈ શેખ, કસીરી ભાઈ, બસીર હાલા, સિકંદર હાલા, આદમ હાલા તેમજ તેમના તમામ કાર્યકરોની ટીમે ભારે જેહમત ઉઠાવી હતી. ડ્રગ્સને કહો ના અને જિંદગીને કહો હા ના સંદેશા સાથે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## જૂનાગઢ મોતીપેલેસ ખાતે રૂષિકેશ મર્થક તથા રહેવાસીઓ દ્વારા કળશ યાત્રાનું સ્વાગત કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

ગીરીવર ગીરનારની ગોદમાં જૂનાગઢ મહાનગરમાં મોતીબાગ પાસે આવેલ મોતીપેલેસ ખાતે શ્રી રામ મંદિર અયોધ્યાથી આવેલ અક્ષત કળશનું ભવ્ય ફુલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અયોધ્યાથી આવેલા શ્રી રામચંદ્ર પ્રભુના અક્ષત કળશને ભક્તો ઠેર ઠેર વધાવી રહ્યા છે. હિન્દુ ધર્મનું આસ્થાનું કેન્દ્ર અયોધ્યા નગરીમાં તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવા જઈ રહ્યો છે. જેમાં ભારતભરના સંતો મહંતો અને દેશ-વિદેશના કરોડો ભકતો આ મહોત્સવમાં જોડાવાના છે. ગુજરાતભરમાં અક્ષત કળશયાત્રાનું આયોજન કરાયું છે જેના ભાગરૂપે જૂનાગઢ મોતીપેલેસ ખાતે કળશ યાત્રા પહોંચી હતી. જયાં ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર યુવા મોરચાનાં ઉપપ્રમુખ રૂષિકેશ મર્થક, મોતીપેલેસના પ્રમુખ હસમુખભાઈ સાવલિયા, દિપકભાઈ ધીનોજા, જયેશભાઈ રાજપરાં, નિલ શિસાગિયા તથા ભાઈઓ તથા મહિલાઓ હાજર રહ્યા હતા.

## વિસાવદર તાલુકાનાં કાલસારી હાઈસ્કુલનાં શિક્ષકનું હૃદયરોગનાં હુમલાથી મૃત્યું : શોકની લાગણી

વિસાવદર, તા.૨૯

વિસાવદરના કાલસારી હાઈસ્કૂલના શિક્ષકને હૃદયરોગનો હુમલો આવતા સારવાર પહેલા જ તેમનું મૃત્યું થયાનુ બહાર આવ્યુ છે.

આ અંગે બહાર આવેલ વિગતો અનુસાર વિસાવદરના કાલસારી હાઈસ્કૂલના શિક્ષક દિલીપસિંહ કાળાભાઈ ડોડીયાને અચાનક જ ગંભીર હાર્ટએટેક આવતા સારવારમાં પહોંચે તે પહેલા જ તેમનું મૃત્યું થયું હતુ. શિક્ષક જૂનાગઢથી કાલસારી આવતા હતા ત્યારે બનેલી આ ઘટનાથી ગમગીની વ્યાપી છે. વિસાવદરના કાલસારી સરદાર પટેલ વિદ્યા મંદિર હાઈસ્કૂલમાં દિલીપસિંહ કાળાભાઈ ડોડીયા (ઉ.વ.૫૬) વહેલી સવારે કાલસારી ફરજ પર આવવા રવાના થયા હતા ત્યારે અચાનક જ તેમને છાતીમાં દુઃખાવો ઉપડતા તેમનું મૃત્યું થયું હતું. દિલીપસિંહ ડોડીયા મોતીબાગ આવી રહ્યા હતા તેવામાં અચાનક જ છાતીનો દુઃખાવો ઉપડયો જેથી તેણે બાઈક ઉભું રાખી તેમના પુત્રને ફોન કરી બોલાવી લીધો હતો. પુત્ર તાત્કાલીક આવી ગયો અને દિલીપસિંહે તેમને છાતીમાં અસહ્ય દુઃખાવો થતો હોવાથી હોસ્પિટલે લઈ જવાનું કહ્યું હતું. પરંતુ હોસ્પિટલે પહોંચે તે પહેલા જ તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. બાદમાં તેમનું પીએમ કરી તેમના વતન વેરાવળ તાલુકાના વડોદરા (ડોડીયા) મુકામે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી. આ ઘટનાથી શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.


## રાજસ્થાનમાં ભાજપ સરકારે કોંગ્રેસે લાવેલી ચિરંજીવી સ્વાસ્થ્ય વીમા યોજનાને રદ કરવાની તૈયારી કરી

જયપુર તા.૨૯

રાજસ્થાનમાં નવી ચૂંટાયેલી ભાજપ સરકાર એક નોંધપાત્ર પગલા સ્વરૂપે ચિરંજીવી આરોગ્ય વીમા યોજનાને રદ કરવાની તૈયારી કરી રહી છે. આ યોજના આરોગ્ય ક્ષેત્રમાં ગેહલોત સરકારની મુખ્ય કલ્યાણકારી પહેલોમાંથી એક હતી. ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં તમામ નાગરિકોને રૂા. ૨૫ લાખનું વીમા કવચ પૂરૂં પાડતી આ યોજના કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલી આયુષ્માન ભારત યોજના ઉપર ભારે પડી રહી હતી અને આ યોજનાઓ રાજ્યમાં આયુષ્માન ભારતનું સ્થાન લઈ લીધું હતું.

## દ્વારકા પોલીસની બોલેરો કાર હંકારી જતા શખ્સને જામનગરથી દબોચી લેવાયો



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૯

દેવભૂમિ દ્વારકામાં આજરોજ સવારે પોલીસની એક બોલેરો કારને ચોરી કરીને જતા ગાંધીધામના શખ્સને પોલીસે જામનગર ખાતેથી દબોચી લીધો હતો.પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકા પોલીસ મથકની જી.જે. ૧૮ જી.બી. ૭૨૬૯ નંબરની સરકારી બોલેરો જીપ કે જે દ્વારકા પોલીસ મથકના કમ્પાઉન્ડમાં રાખવામાં આવી હતી, જે સવારે આશરે ૮:૧૫ વાગ્યાના સમયે કોઈ શખ્સ ચોરી કરીને લઈ ગયો હોવાનું ખુલવા પામ્યું હતું. દ્વારકા જિલ્લા એલ.સી.બી. તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા સઘન કામગીરી હાથ ધરી હતી. આ બોલેરો વાહન સૌપ્રથમ તો દ્વારકા નજીકના કુરંગા અને ત્યારબાદ ખંભાળિયાના ટોલનાકા પાસેથી પસાર થઈ અને જામનગર તરફ ગયું હોવા અંગેના સીસીટીવી ફૂટેજ પોલીસને હાથ લાગ્યા હતા. જેથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સુચના મુજબ આ બાબતે જામનગર જિલ્લા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી જામનગર એલ.સી.બી. પોલીસ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા જામનગરમાં આવેલી અંબર ચોકડી પાસેથી આ બોલેરો જીપને ઝડપી પાડવામાં આવી હતી.

આ બોલેરોમાં એક જ શખ્સ હતો જેનો ચાલક મોહિત અશોકભાઈ શર્મા કે જે ગાંધીધામનો હોવાનું ખુલવા પામ્યું છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયામાં ૩૧ ડિસેમ્બરને અનુલક્ષીને પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ-વાહન ચેકિંગ



(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા.૨૯

આગામી તારીખ ૩૧ ડીસેમ્બરના અનુસંધાને લોકો કાયદાનો ભંગ ન કરે તે હેતુથી ગત રાત્રે ખંભાળિયાના જુદા જુદા વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ કામગીરી કરવામાં આવી હતી.

જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ તેમજ ખંભાળિયાના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી, પી.એસ.આઈ. તથા સ્ટાફ દ્વારા અહીંના નગર ગેઈટ, ચાર રસ્તા, સહિતના જુદા જુદા વિસ્તારોમાં અલગ અલગ ચેકિંગ ટુકડીઓ બનાવીને જાહેર માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોની તપાસણી કરી હતી.

આ માટે પોલીસ તંત્ર દ્વારા બ્રેસ્થ એનેલાઈઝર જેવા સાધનોની મદદથી ચેકીંગ કાર્યવાહી કરી હતી. આગામી દિવસોમાં આ ઝુંબેશ વધુ વેગવંતી બનાવવામાં આવશે.

## ભાજપ દ્વારા રાજકોટ અને જામનગર મહાનગરના કોર્પોરેટરોની કાર્યશાળાનો દ્વારકા ખાતે પ્રારંભ









(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૯

ભારતીય જનતા પાર્ટી મહાનગર સદસ્ય કાર્યશાળા નો દ્વારકા ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે. જામનગર મહાનગર, રાજકોટ મહાનગર ના કોર્પોરેટરો તથા શિક્ષણ સમિતિ ના સભ્યો ની ઉપસ્થિતિ માં કાર્યશાળા નો પ્રારંભ કરાયો હતો. વર્ગ ઈન્ચાર્જ પ્રદીપભાઈ ખીમાણીની ઉપસ્થિતિ એ, ભાજપ પ્રદેશ પૂર્વ પ્રમુખ તથા કૃષિમંત્રી આર.સી.ફળદુએ ઉદઘાટન સત્રની શરૂઆત કરી ઉદ્બોધન કર્યું હતું.

## કેનેડી ગામના ચિત્રકારને અયોધ્યા ખાતે કલારત્નથી સન્માનિત કરાયા




(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા.૨૯

ભગવાન શ્રી રામની પવિત્ર ભૂમિ અયોધ્યા ખાતે તાજેતરમાં સરકાર દ્વારા કલા સંસ્કૃતિ મહાકુંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ આયોજનમાં સમગ્ર ભારત સાથે વિશ્વના જુદા જુદા ભાગોમાંથી વિવિધ કલાક ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા લોકોનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

અહીં જાણીતા કવિઓ, લેખકો, સંગીતકારો, નૃત્યકારો, ગાયક, શિલ્પી, ચિત્રકાર, વિજ્ઞાન, પર્યાવરણ વિગેરે મળી ૧૨૫ જેટલા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલા આર્ટિસ્ટોનું અદકેરુ સન્માન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાના એવા કેનેડી ગામના જાણીતા ચિત્રકાર અરવિંદભાઈ ડી. ખાણધરને પણ અંગવસ્ત્ર, મેડલ અને ટ્રોફી આપી અને અયોધ્યા કલા રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કેનેડીના ચિત્રકાર અરવિંદભાઈ દ્વારા બનાવવામાં આવેલા "સર્યુઘાટ પાસે રામ વનવાસ" વોલ પેઈન્ટિંગ જોઈ, ઉપસ્થિત સૌ કોઈએ આ કલાને બિરદાવી હતી.

આ આયોજનમાં ખાસ ઉપસ્થિત રહેલા પદ્મશ્રી ડોક્ટર શ્યામ બિહારી અગ્રવાલ (દિલ્હી લલિત કલા એકેડેમી), રાકેશ ગોસ્વામી (દિલ્હી કલા વિવેચક), રણજીત યાદવ (યુ.પી. પોલીસ વડા), રિદ્ધિ ચૌધરી (મિસ ઈન્ડિયા, નેપાળી અભિનેત્રી), સાગર પ્રજાપતિ (કલા અધ્યક્ષ)ની ખાસ ઉપસ્થિતિમાં અરવિંદભાઈ ખાણધરનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અનેરી સિદ્ધિ બદલ અરવિંદભાઈ ખાણધરે સમગ્ર ગુજરાતનું નામ દેશ કક્ષાએ રોશન કર્યું છે. આ પહેલા પણ અરવિંદભાઈએ એવોર્ડ-સન્માન પ્રાપ્ત કર્યા છે.

### અવસાન નોંધ

રાજકોટ : મું.રાજકોટ નિવાસી કડીયા જયેશભાઈ ચંદુભાઈ ખોલીયા(ઉ.વ.૫૦)કે જે સ્વ.ચંદુભાઈ હરીભાઈ ખોલીયાના પુત્ર તેમજ સ્વ.કમલેશભાઈ ખોલીયાના નાના ભાઈ તેમજ જયદીપ અને મનન ખોલીયાના કાકાનું તા.૨૭-૧૨-૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૯-૧૨-૨૦૨૩ને શુક્રવારના રોજ બપોરે ૩ થી ૫ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

## અરબી સમુદ્રમાં ભારતીય નૌ સેનાની તેજ બનતી હિલચાલ

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

દ્વારકા, તા.૨૯

ગત તારીખ ૨૩-૧૨-૨૩ ના સૌ પ્રથમ વખત ઈઝરાઈલ-હમાસ્ યુધ્ધ ના પડઘા સ્વરૂપે આપણા તેલ ના જથ્થા નું વહન કરતાં જાપાન ના માલવાહક જાહજ કેપ ટાઉન પર થયેલ ડ્રોન હુમલા બાદ સક્રિય બનેલ ભારતીય નૌ સેના દ્વારા તાત્કાલી અરબી સમુદ્ર ના વ્યુહાત્મક વિસ્તાર મા અત્યાધુનિક મિસાઈલ સજ્જ ત્રણ ત્રણ યુધ્ધ જહાજ ને ગોઠવ્યા બાદ વધુ બે જહાજ આઈ.એન.એસ.ચેન્નાઈ અને આઈ.એન.એસ. વિસાખાપટ્ટનમ્ ને ફ્રન્ટ લાઈન પર ઉતારવા સાથે તેમને ફ્યુલ તેલ નો પુરવઠો સતત મળી રહે તે માટે ખાનગી કંપની ના ૨૫૦૦૦ ટન ની ક્ષમતા ના જાહજ ને પણ ભાડે રાખવામાં આવ્યા નું સૂત્રો દ્વારા જાણવા મળી રહેલ છે.

જ્યારે બીજી બાજુ ઉત્તર કોરિયા ના તાનાશાહ જિન પિંગ દ્વારા પોતાના લશ્કર ને અમેરિકા સામે લાડવા માટે એલર્ટ મોડ પર રહેવા નો આદેશ આપતા તેના આંતરરાષ્ટ્રીય પડઘા પણ બહાર આવ્યા હોય તેમ ગઈકાલે ઉક્રેઈન દ્વારા તેમના પર રશિયા ની મિસાઈલ વોર શિપ દ્વારા હુમલો થતા તેમના પ્રતિકાર્ મા તેમને મિસાઈલ દ્વારા ડુબાડી નાખવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય હલચલ વધવા પામેલ છે.

જ્યારે બીજી બાજુ આવનારા બે દિવસ મા ઈશુ ના જન્મ ની ઉજવણી-નવા વર્ષ ના આગમન ની ઉજવણી ને આંતરરાષ્ટ્રીય આંતકવાદિઓ પણ પોતાનો ઈઝરાઈલ-હમાસ યુધ્ધ્ મા પોતાનું સમર્થન હમાસ ને હોવાનું દર્શાવવા પણ કઈંક નવા જૂની ના કરે તેના પર વિશ્વ ની નજર પણ મંડાયેલ છે.

મહાનગર સેવાસદન, જૂનાગઢ
બાંધકામ શાખા
જાહેર નિવીદા નં.૨૫/૨૦૨૩-૨૪

એન્જી.જા.નં.૧૨૧૯ તા.૨૬/૧૨/૨૦૨૩

કમિશનરશ્રી,જૂનાગઢ મહાનગર સેવાસદન,"સ્વામી વિવેકાનંદ ભવન", જૂનાગઢ ધ્વારા આ વિભાગ માટે ક્રમ નં.૧-સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવનાર ગ્રાન્ટ અંતર્ગતનું "(૧)કન્સ્ટ્રકશન ઓફ ડોગ સ્ટરીલાઈઝેશન (એ.બી.સી. સેન્ટર) બિલ્ડીંગ એટ રે.સ. નં.૮૭/પૈ.૧/પૈ.૨, અપોઝીટ ત્રીમંદિર, બાયપાસ રોડ, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢના કામની અંદાજીત રકમ રૂા.૧૬૧-૪૨ લાખના કામ માટે ગુજરાત રાજયના જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાકટરોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં થયેલ ફેરફાર મુજબ નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન પર્સેન્ટેઈઝ રેઈટથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો website: // https:// junagadh. nprocure.com અને statetenders. gujarat.gov.in ઉપરથી તા. ૬/૦૧/૨૦૨૪ થી જોવા મળશે તેમજ ઈ.એમ.ડી., ટેન્ડર ફી, ૩-એ ફોર્મ, રજીસ્ટ્રેશન અને સોલ્વન્સી, સી.એ. સર્ટીફીકેટ તથા અન્ય તમામ ડોકયુમેન્ટ સ્કેન કરી ફરજીયાત ઓન લાઈનથી સબમીટ કરવાના રહેશે અન્યથા ટેન્ડર ઓન લાઈન ખોલવામાં આવશે નહી તથા તેની હાર્ડ કોપી ટેન્ડર ખુલ્યેથી દિન-૭ માં આ કચેરીએ રૂબરૂ / પોસ્ટ ધ્વારા રજુ કરવાના રહેશે. હાર્ડ કોપી દસ્તાવેજો જો મોડા મળશે તો તે અંગેની કોઈ જવાબદારી કચેરીની રહેશે નહી. ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરુ સંપર્ક કર્યેથી આપવામાં આવશે. આ કામો અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર જોવા મળશે, અન્ય શરતો યથાવત રહેશે. સંપર્ક ફોન નં.(૦૨૮૫) ૨૬૨૨૩૧૧

| | |
|---|---|
| કોરા ભાવ પત્રક ડાઉન લોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૭/૦૧/૨૦૨૪ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રક ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૭/૦૧/૨૦૨૪ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓન લાઈન ખોલવાની સંભવિત તારીખ તથા સમય | તા.૧૮/૦૧/૨૦૨૪ ૧૨-૦૦ કલાક |

માહિતી/જુના/જા.ખ./૬૭૭/૨૩

# આવતીકાલે જૂનાગઢમાં ભારતીય કિસાન સંઘનો નગારે ઘા.. વિશાળ સભા-રેલી યોજાશે

## જૂનાગઢ શહેરના પ્રશ્નો તેમજ ખેડૂતોના પ્રશ્ને લડાયક આયોજન : લોકોને ઉમટી પડવા હાકલ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરની પ્રજાના અનેકવિધ પ્રશ્નો લાંબા સમયથી અણઉકેલ છે ત્યારે પ્રજાકીય પ્રશ્નો તેમજ મ્યુ. વિસ્તારની નવી ટી.પી. સ્કિમથી ચાર ગામોના કેટલાક ખેડૂતોના ઉભા થનાર પ્રશ્નો અંગેની રજુઆત માટે ભારતીય કિસાન સંઘ દ્વારા નગારે ઘા નાખવામાં આવ્યો છે અને આવતીકાલે સભા-રેલી અને કલેકટર તેમજ મ્યુ. કમિશ્નરને આવેદનપત્ર આપવા સહિતના આંદોલનાત્મક કાર્યક્રમ યોજવામાં આવનાર છે ત્યારે આ કાર્યક્રમમાં નગરજનો તેમજ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને ઉમટી પડવા હાકલ કરવામાં આવી છે. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢ મ્યુ.ના નવા વિસ્તારોમાં ટી.પી. સ્કિમ અમલમાં આવતા ઝાંઝરડા, જોષીપુરા, સુખપુર, ટીંબાવાડી સહિતના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોમાં અત્યંત કચવાટ ફેલાયો છે. આ બાબતે ભારતીય કિસાન સંઘના વરિષ્ઠ આગેવાન મનસુખ પટોળીયાએ જણાવ્યું હતું કે, મ્યુ. કોર્પોરેશન આવ્યું તે દરમ્યાન ૨૦ વર્ષમાં જુની ટી.પી. સ્કિમનો કોઈ અમલ થયો નથી. આ ટી.પી.ના જાહેર રસ્તાઓ અને કોમન પ્લોટમાં બેફામ ગેરકાયદે બાંધકામો થયા છે તે વ્યવસ્થિત કે દુર કરવાને બદલે કેટલાક બિલ્ડરોને ફાયદો કરાવવા મ્યુ.માં ભળેલા ગામડાઓની જમીનમાં પણ ટી.પી.નો અમલ શરૂ કરાય તો ખેડૂતોની ૪૦ ટકા જમીન કપાય તેમાં ઘણા ખેડૂતોની તો લગભગ બધી જ જમીન જતી રહે અને આ ખેડૂત ઉભડ(જમીન વિહોણો) બની જાય તેવી સ્થિતિ છે તો આ સ્કિમમાં રોડ-રસ્તા બનવાના છે તેમાં પણ એ ખર્ચ ખેડૂતોના નામે ઉધારાય છે. આ કાળા કાયદામાં અમુક નાના ખેડૂતો જેની પાસે માંડ ચારેક વિઘા જમીન હોય જેમાં રોડ-રસ્તા પડે તો એ જમીન બધી જ જતી રહે છે. આવી કપરી સ્થિતિમાં ભારતીય કિસાન સંઘ દ્વારા ટીંબાવાડી, સુખપુર, જોષીપુરા અને ઝાંઝરડા ખાતે સભા, રેલી અને આવેદનપત્ર સહિતના કાર્યક્રમો અપાયા છે. હવે જૂનાગઢના મધ્ય વિસ્તાર ઝાંસીની રાણી સર્કલ ખાતે તા.૩૦ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જાહેરસભા અને બાદમાં રેલી યોજી કલેકટર અને મ્યુ. કમિશ્નરને આવેદનપત્ર આપવાના એક કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં આ ગામોના ખેડૂતોને તથા જૂનાગઢ શહરેના પ્રજાજનોને ઉમટી પડવા આહવાન કરાયું છે.

એક તરફ બેફામ ખોદાઈ રહેલા રસ્તાઓ, આડેધડ અને જુની ગટરોને પુરીને જેમતેમ કરી જમીનમાં ફિટ કરવામાં આવતા ભૂગર્ભ ગટરના ભુંગળાઓ ઉપરાંત ચારેક મહિના પહેલા કાળવાના વોંકળા ઉપરના બેફામ દબાણોને કારણે શહેરમાં ગલીઓ, ઘર સુધી ઘુસી ગયેલા પુરના પાણી પછી ઉભી થયેલી સ્થિતિમાં પણ તંત્રએ કોઈપણ નક્કર પગલા ન ભરતા ભારતીય કિસાન સંઘે ખેડૂતો અને શહેરના પ્રજાજનોના આ પ્રશ્નો અંગે આ લડાત્મક કાર્યક્રમનું આયોજન કર્યું છે.

આ કાર્યક્રમમાં જૂનાગઢની વિવિધ સંસ્થાઓના આગેવાનો અને વરિષ્ઠ નાગરિકોને પણ કિસાન સંઘના આગેવાનો સંપર્ક કરી આંદોલનમાં જોડવામાં આવી રહયા છે. ત્યારે જૂનાગઢની પ્રજાએ વિશાળ સંખ્યામાં આ જાહેર સભા અને રેલીમાં ઉમટી પડી શહેરના પ્રશ્નો તરફ અંધ બની બેઠેલા શાસકોનું ધ્યાન ખેંચવા ભારતીય કિસ્ન સંઘે અપિલ કરી છે.

### ગામડાના ખેડૂતોને વિશાળ સંખ્યામાં વાહનો લઈ ઉમટી પડવા ભારતીય કિસાન સંઘની અપીલ

નવી ટી.પી. સ્કિમ ખેડૂતો માટે ખુબ પરેશાન કરનારી છે. જુની ટી.પી. સ્કિમનું હજુ કોઈ ઠેકાણું નથી અને ફકત શહેરના બાહ્ય વિસ્તારના ખેડૂતોને હેરાન કરવા જ કેટલાક હિત ધરાવતા તત્વોના લાભાર્થે ખેડૂતો કાંતો જમીન વગરના કે ઓછી જમીનવાળા થઈ જાય છે. ખેડૂતોની આ બાબત માટે તથા જૂનાગઢના પાયાના પ્રશ્નો માટે યોજાઈ રહેલી આ રેલીમાં વાહનો ખેડૂતો મોટી સંખ્યામાં ઉમટી પડજો તેવી જાહેર અપિલ કિસાન સંઘના આગેવાનોએ કરી છે.

# જૂનાગઢના સાબલપુરમાં તંત્ર દ્વારા અનધિકૃત બાંધકામ તોડી પડાયું





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ સાબલપુર ગામના સર્વે નં.૧૪ની સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે કોમર્શિયલ હેતુ માટે અલગ અલગ આસામીઓ દ્વારા જમીનનું અનધિકૃત કબજો કરી દબાણ કરેલ હોવાનું માલુમ પડતાં મામલતદાર જૂનાગઢ શહેર દ્વારા જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ દબાણ કેસો ચલાવી તા.૪-૧૨-૨૩ના રોજ સર્વે નં.૧૪ની સરકારી જમીન ઉપર અનધિકૃત દબાણ કરેલ હોવાનું સાબિત થતા કુલ-૪ આસામી પાસેથી રૂા.૨૫૦ દંડની રકમ વસૂલ લેવા તથા દિન - ૨૦ માં દબાણ ખુલ્લું કરવા હુકમ કર્યો હતો. જે નિયત સમય મર્યાદા બાદ પણ કુલ -૪ અલગ અલગ દબાણકર્તાએ દબાણ દૂર ન કરતા ગઈકાલે તા.૨૮-૧૨-૨૩ના રોજ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની સૂચનાથી અને પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ સીટી મામલતદાર દ્વારા આર એન્ડ બીના સ્ટાફ, જેસીબી, ટ્રેક્ટર તેમજ પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત લઈને જમીન ઉપર કરવામાં આવેલ કોમર્શિયલ હેતુ માટેનું બાંધકામ તોડી દબાણ દૂર કરાવી જમીન ખુલ્લી કરાવેલ છે.

# વિસાવદરમાંથી તરૂણીનું અપહરણ કરનાર બે શખ્સોની ગણતરીના કલાકોમાં પોલીસે કરી ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૯

વિસાવદરની મુખ્ય બજારમાંથી તરૂણીનું અપહરણ કરનાર જૂનાગઢ રહેતા તેના ધરાર પ્રેમી અને તેના મિત્રની પોલીસે ધરપકડ કરી છે. પુછપરછ દરમ્યાન ખુલ્યું કે, તરૂણીને યુવક અગાઉ મેસેજ કરતો હતો પરંતુ તરૂણીના ઘરે જાણ થઈ જતા તરૂણીએ મેસેજ કરવાનું બંધ કરી દીધું હતું છતાં આ ધરાર પ્રેમી મેસેજ કરી ધમકી આપતો હતો. તેણે ઉશ્કેરાઈને અપહરણનો પ્લાન કર્યો હતો. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વિસાવદરમાં રહેતી અને ધો.૧૧માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિની અન્ય ત્રણ તરૂણી ગઈકાલે સવારે શાળાએ જતી હતી ત્યારે જૂનાગઢના મધુરમ વિસ્તારમાં રહેતા જય મયુર સુખાનંદી અને તેના મિત્ર રિયાઝ સલીમ નાગોરીએ તરૂણીને કારમાં બળજબરીપૂર્વક બેસાડી દઈ અપહરણ કરી જૂનાગઢ તરફ લઈ ગયા હતા. આ અંગે જાણ થતા પીઆઈ આર.બી. ગઢવી સહિતના સ્ટાફે ટીમ બનાવી આ કારને જૂનાગઢમાંથી પકડી લઈ તરૂણીને મુક્ત કરાવી હતી. જ્યારે જય સુખાનંદી અને તેના મિત્ર રિયાઝ નાગોરીની અટક કરી હતી. તરૂણીની પ્રાથમિક પૂછપરછ દરમ્યાન તેણીએ પોલીસને જણાવ્યું હતું કે, તે અને જય એક દોઢ વર્ષ પહેલા સોશીયલ મીડિયા ઉપર સંપર્કમાં આવ્યા હતા અને મેસેજ કરતા હતા. પરંતુ પરિવારના સભ્યોને જાણ થઈ જતા મેસેજ બંધ કરી દીધા હતા અને તરૂણીએ જય સુખાનંદીને સંબંધ રાખવા ના પાડી દીધી હતી છતાં તે મેસેજ કરતો અને સંબંધ રાખવા ધમકી આપતો હતો. તરૂણી શાળાએ ક્યારે જાય એ જયને જાણ હોવાથી ઉશ્કેરાઈ જઈ કારમાં અપહરણ કર્યાનું ખુલ્યું હતું. ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, તરૂણી સાથે કોઈ દુષ્કૃત્ય થયું નથી છતાં સારવાર અને મેડિકલ કરાવી વધુ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જય સુખાનંદી(ઉ.વ.૧૯) અને તેનો મિત્ર રિયાઝ નાગોરી(ઉ.વ.૨૩) મધુરમમાં રહે છે અને કારખાનામાં કામે જાય છે. આ બંનેએ તરૂણીનું અપહરણ કરવા પ્લાન કર્યો હતો અને કાર લગ્નમાં લઈ જવા માટે ભાડે કરી હતી. બંનેની વધુ પૂછપરછ માટે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરવામાં આવશે. સોશીયલ મીડિયા ઉપર સંપર્કમાં રહ્યા બાદ તરૂણીએ સંબંધ રાખવા ના પાડયાની બાબતથી ઉશ્કેરાયેલા યુવાને અપહરણ જેવો ગંભીર અપરાધ કર્યો હતો. સદનસીબે તરૂણી સલામત મળી આવતા પોલીસ અને તેણીના પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

# જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્રમાં ફરજ બજાવતા ૧૦ એએઅઆઈને પીએસઆઈની બઢતી સાથે નિમણુંક અપાઈ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

ગુજરાત રાજયના અલગ-અલગ જીલ્લામાં ફરજ બજાવતા અને પોલીસ સબ ઈન્સ્પેકટર માટેની ખાતાકીય પરીક્ષાઓ પાસ કરી અને નવા પોસ્ટીંગની રાહ જોઈને બેઠેલા નવનિયુકત પીએસઆઈઓને નિમણુંક આપવાનો ઓર્ડર ગઈકાલે જારી કરવામાં આવેલ છે.

ગઈકાલે ઉચ્ચ કક્ષાએથી આદેશ જારી થતા રાજયના અલગ-અલગ જીલ્લાના ૫૩ર પીએસઆઈનો પોસ્ટીંગના ઓર્ડરો અપાયા છે. જેમાં જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્રમાં ફરજ બજાવતા ૧૦ એએસઆઈને બઢતી સાથે નિમણુંક આપવામાં આવી છે. જેમાં દેવરે સંજયભાઈ મધુકરભાઈની ગીર સોમનાથ, ગઢવી સંજયકુમાર હિંમતદાનની રાજકોટ ગ્રામ્ય, ડવ મહેશભાઈ રામભાઈની ગીર સોમનાથ, હુદડ ગીતાબા જેઠસુરભાઈ, જોરા જયાબેન કાળાભાઈ, વડારિયા શોભનાબેન દેવાભાઈની ગીર સોમનાથ, ડાંગર ધાનબાઈ દેવાભાઈ, રાઠોડ રેખાબેન વજુભાઈ, મુસાર નરેન્દ્રકુમાર સુદાભાઈની અમરેલી અને ચુડાસમા રસિકબા રાજમલને પીએસઆઈની બઢતી આપી પોરબંદર જિલ્લામાં નિમણૂક આપવામાં આવી છે. જ્યારે જૂનાગઢ જિલ્લામાં ૧૬ એએસઆઇ જેમાં અમરેલીના સોલંકી યોગેન્દ્રભાઈ નાથાભાઈ, પોરબંદરના અનિલ કુમાર હરજીવનદાસ માધવાચાર્ય, રાજશીજી નાથાજી ઓડેદરા, પરબત મારખીભાઈ ગોરફાડ, કચ્છ ભુજથી સોનારત હિતેન્દ્રભાઈ કાનજીભાઈ, ચૌહાણ હિંમતકુમાર ભીખાલાલ, રાજકોટ ગ્રામ્યના પરમાર અરવિંદકુમાર અરજણભાઈ બાલાસરા, પ્રભાતભાઈ રાયધનભાઈ, ગીર સોમનાથ જિલ્લાના પરમાર હિંમત દેવેન્દ્રભાઈ, રાજકોટ શહેરના ઝાલા પ્રવીણસિંહ કનુભા, માઢક જોસનાબેન જસ્મીનકુમાર, સોલંકી પારૂલબેન જગદીશભાઈ, રાજકોટ ગ્રામ્યના ભંડેરી ધર્મિષ્ઠાબેન અશ્વિનકુમાર, લખધિર વર્ષાબેન લાભુભાઈ, સાંગાણી સુરજબાળા અમૃતલાલ, વાઘેલા પ્રવીણ જીવણભાઈને પીએસઆઈની બઢતી આપીને નિમણૂક આપવામાં આવી છે.

# જૂનાગઢમાં દિયર, દેરાણી સહિત ત્રણે માર માર્યો : ભાભીની છેડતી કરીને ધમકી આપ્યાની નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરના વણઝારી ચોક નવા નાગરવાડામાં આવેલ કુંભ એપાર્ટમેન્ટમાં રહેતા તેજલબેન દિપેશભાઈ ઝિંઝુવાડીયાને વાળ પકડી અને તેણીને બચાવવા વચ્ચે આવેલ તેની નાની બહેન દેવલબેન પ્રવીણભાઈ કાચાને તેજલબેનના જેઠાણી હેમાલીબેન તથા જેઠ દિવ્યેશભાઈ ઉર્ફે કાનો નરોત્તમભાઈ ઝિંઝુવાડીયા સહિત પાંચ ઈસમોએ માર માર્યો હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં થઈ હતી. આ ફરિયાદની સામે ગુરૂવારે હેમાલીબેન દિવ્યેશભાઈ ઝિંઝુવાડીયાએ દિયર દિપેશભાઈ નરોતમભાઈ ઝિંઝુવાડીયા, દેરાણી તેજલબેન અને તેની બહેન દેવલ કાચા વિરૂદ્ધ વળતી ફરિયાદ કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, બીમાર સાસુની ખબર કાઢવા માટે દીપેશભાઈના ઘરે ગયા હતાર અને સાસુને સારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા સમજાવતા ત્રણેયએ ઉશ્કેરાઈ જઈને ગાળો કાઢી હતી. આ દરમ્યાન વિજયભાઈ, નિમિષાબેન અને માધુરીબેને સમજાવવાનો પ્રયાસ કરતા પતિ દિવ્યેશભાઈને માર મારી ઝપાઝપી કરી હતી પણ દેવલ કાચાએ હિમાલીબેનને હોઠ ઉપર છરીથી છરકો કરી અને દીપેશભાઈએ છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગેની ફરિયાદના આધારે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દરમ્યાન પોલીસે ફરિયાદ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢમાં ઘરના દરવાજાનું તાળુ તોડી લોખંડની ઝારીની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢમાં ઘાંચીપટ વિસ્તારમાં ડો. શબીર મુળીયાની સામે રહેતા હસીમભાઈ યુનીશઅલી મકવા (ઉ.વ.૨૪) એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીના સૈયદવાડા, રીના એપાર્ટમેન્ટની સામે આવેલ રૂપમ નામના પડતર મકાનમાં તા.૨૬-૧૨-૨૦૨૩ કલાક ૧૧ થી તા.૨૭-૧૨-૨૦૨૩ કલાક ૧૧ દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ફરિયાદીના જુના ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરના ફળીયામાં રાખેલ લોખંડની જુની ઝારી આશરે ૨૦ હજારની ચોરી કરી ગયા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદના મેસવાણ ગામે અકસ્માતે કુવામાં પડી જતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) કેશોદ તા.૨૯

કેશોદ તાલુકાના મેસવાણ ગામે એક વાડીમાં રહેતા અને મુળ સોમલી ગામ જીલ્લો બડવાણી, મધ્યપ્રદેશના સાંયાસિંગ ભાકલીયા કનાર્સ(ઉ.વ.૨૩) કુવાના કાંઠે નાળીયેરીના ઝાડ પરથી નાળીયેર પાડતા હોય ત્યારે અકસ્માતે કુવામાં પડી જતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઝેરી દવાની અસર ર ıતા મૃત્યું**

કેશોદના સીલોદર ગામે રહેતા અને મધ્યપ્રદેશના પ્રેમા ગામના ભગતભાઈ પ્રેમાભાઈ માનઠાકર (ઉ.વ.૩૦) સીલોદર ગામે એક ખેતરમાં ધાણા વાવેલ હોય તેમાં ઝેરી દવાનો છંટકાવ કરતા હોય તે દરમ્યાન તેના શરીરમાં ઝેરી દવા ચડી જતા તેમનું મૃત્યું થયું છે. આ બનાવની જાણ થતા કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બાંટવા બસ સ્ટેશનમાં ઝેરી દવા પી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) બાંટવા તા.૨૯

માણાવદર તાલુકાના બાંટવા ગામે રહેતા ઉમેશભાઈ હરીભાઈ સોલંકી(ઉ.વ.૪૦) કોઈપણ કારણસર પોતાની રીતે બાંટવા બસ સ્ટેશનમાં ઝેરી દવાના ટીકડા પી જતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ અંગે બાંટવા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.





ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨